**આજનો સુવિચાર**

શબ્દો નહીં સાહેબ લોકોનું વર્તન કહી દે છે કે, તેમના જીવનમાં આપણું કેટલું મહત્વ છે !!!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૦૨ જૂનાગઢ તા.૦૭-૦૮-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 202, Junagadh : Date : 07 August, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay







# ઓલિમ્પીકમાં વિનેશ ફોગાટ અયોગ્ય ઘોષિત : સમગ્ર દેશ દુઃખી







## ૫૦ કિ.ગ્રા. વજન કેટેગરીમાં માત્ર ૫૦ ગ્રામ વજન વધારે નીકળતાં વિનેશને ડિસ્કવોલીફાઈ કરી દેવાઈ : ભારતે વિરોધ નોંધાવ્યો : વિનેશને હવે એકપણ પદક નહીં મળે : ભારત માટે આજનો દિવસ ખુબ જ આઘાતજનક

પેરિસ તા.૭

વિનેશ ફોગાટને ઓલિમ્પિક સ્પર્ધામાંથી ગેરલાયક ઠેરવવામાં આવી છે. આ કારણે તે માત્ર ફાઈનલમાંથી બહાર જ નથી રહી, પરંતુ મેડલથી પણ વંચિત રહી ગઈ હતી. આ અંગેની માહિતી ભારતીય ઓલિમ્પિક સંઘ દ્વારા જાહેર કરવામાં આવી છે.

એસોસિએશન સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, વિનેશ ફોગાટ બુધવારે સવારે ગોલ્ડ મેડલ માટેની ફાઈનલ મેચ પહેલા ૫૦ કિલો વજન જાળવી શકી ન હતી. વિનેશ ઓલિમ્પિકમાં આ વજન વર્ગમાં રમી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વિનેશનું વજન નિર્ધારિત ધોરણ કરતા માત્ર ૫૦ ગ્રામ વધુ હતું. સ્પર્ધાના નિયમો અનુસાર, વિનેશ સિલ્વર મેડલ માટે પણ લાયક રહેશે નહીં. આ પછી ૫૦ કિગ્રા વર્ગમાં માત્ર ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ આપવામાં આવશે.

આજે સાંજ સુધીમાં ઓલિમ્પિક એસોસિએશન તરફથી આ અંગે ઔપચારિક જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. અગાઉ મંગળવારે વિનેશ ફોગાટનું વજન નિર્ધારિત ધોરણ મુજબ હતું. જોકે, આ વજન સ્પર્ધા પહેલા દરરોજ જાળવી રાખવાનું હોય છે.

સૂત્રો પાસેથી માહિતી મળી છે કે, વિનેશને મંગળવારે રાત્રે જ આ વાતની જાણ થઈ હતી. જે પછી તે આખી રાત ઊંઘી ન હતી અને પોતાનું વજન નિર્ધારિત કેટેગરીમાં લાવવા માટે શક્ય તમામ પ્રયાસ કર્યા હતા. જેમાં જોગીંગ, સ્કીપીંગ અને સાયકલીંગનો સમાવેશ થાય છે.

જોકે આ પૂરતું પુરવાર થયું નથી. ભારતીય પ્રતિનિધિમંડળે વિનેશને થોડો વધુ સમય આપવાની માગ કરી હતી, પરંતુ તેમની માગ સાંભળવામાં આવી ન હતી. વિનેશે અગાઉ ૫૩ કિગ્રા વજન વર્ગમાં લડત આપી હતી. આ પ્રથમ વખત છે જ્યારે તે ૫૦ કિગ્રામાં સ્પર્ધા કરી રહી છે.

આજે રાત્રે લગભગ ૧૦ વાગ્યે વિનેશની ગોલ્ડ મેડલ માટે અમેરિકન રેસલર સારાહ એન હિલ્ડરબ્રાન્ડ સાથે ફાઈનલ મેચ યોજાવાની હતી.

ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) એ જણાવ્યું હતું. તે અફસોસજનક છે કે ભારતીય ટીમ વિનેશ ફોગાટને મહિલા કુશ્તી ૫૦ કિગ્રા વર્ગમાંથી અયોગ્ય જાહેર કરી રહી છે. ટીમ દ્વારા રાતોરાત શ્રેષ્ઠ પ્રયાસો છતાં, આજે સવારે તેનું વજન ૫૦ કિલો કરતાં થોડા ગ્રામ વધુ હોવાનું જાણવા મળ્યું હતું.

### :: બાંગ્લાદેશ અપડેટ ::

● બાંગ્લાદેશમાં ગત મધ્યરાત્રે વચગાળાની સરકારે શાસનધુરા સંભાળી. ● નોબલ પારિતોષિક વિજેતા મહમ્મદ યુનુસની કાર્યકારી સરકારના વડા તરીકે નિમણુંક. ● શેખ હસીનાની ધરપકડ કરી બાંગ્લાદેશ પરત મોકલવા બાંગ્લાદેશની સુપ્રિમ કોર્ટ બાર એશોસિએશનની ભારતને અપીલ. ● બાંગ્લાદેશમાં અવિરત હિંસાનો દોર યથાવત. ● બાંગ્લાદેશમાં રહેલા ભારતીય નાગરીકોને પરત લાવવા વિમાની સેવા શરૂ. ● શેખ હસીના વાજેદ હાલમાં ભારતમાં જ રહેશે, અન્ય દેશમાં જવાની હાલમાં તેમની કોઈ યોજના નથી, બ્રિટન અને અમેરીકામાં રાજયાશ્રય મેળવવાની આશા ધુંધળી.

## સુપ્રિમ કોર્ટ ખુદને વધુ 'સુપ્રિમ' સમજે છે હાઈકોર્ટના જજની ટીપ્પણીથી ખળભળાટ

નવી દિલ્હી તા. ૭ :

સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ વચ્ચે અધિકારોને લઈને સમયાંતરે સંઘર્ષની સ્થિતિ જોવા મળે છે. આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જયાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના જજની એક ટિપ્પણીએ વિવાદ ઉભો કર્યો છે. ચુકાદો આપતી વખતે જજે કંઈક એવું કહ્યું જેનાથી વિવાદ સર્જાયો છે.

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ન્યાયાધીશ રાજબીર સેહરાવત દ્વારા સુપ્રીમ કોર્ટના આદેશના અનાદરની સુપ્રીમ કોર્ટે ગંભીર નોંધ લીધી છે અને આ મામલાની સુનાવણી માટે આજે બેંચની રચના કરશે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ અને ચાર વરિષ્ઠ ન્યાયાધીશો હાઈકોર્ટના ન્યાયાધીશના ૧૭ જુલાઈના આદેશ અંગે ભવિષ્યની કાર્યવાહી નક્કી કરવા માટે એક બેન્ચની રચના કરશે. જસ્ટિસ સેહરાવતે તેમના આદેશમાં અવલોકન કર્યું હતું કે, 'સુપ્રીમ કોર્ટને તે વાસ્તવમાં છે તેના કરતા વધુ 'સર્વોચ્ચ' અને હાઈકોર્ટને બંધારણીય રીતે તેના કરતા ઓછી 'ઉચ્ચ' માનવાની ટેવ છે.'

ચીફ જસ્ટિસ ચંદ્રચુડ અને જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઋષિકેશ રોયની બેંચ જસ્ટિસ સેહરાવતના આદેશ પર વિચાર કરશે, જેમણે સુપ્રીમ કોર્ટની મુલતવીને કારણે તેમના દ્વારા શરૂ કરાયેલી અવમાનનાની કાર્યવાહીને અનિચ્છાએ સ્થગિત કરી દીધી હતી.

જસ્ટિસ સેહરાવતે કહ્યું હતું કે, 'કોઈ ચોક્કસ કેસમાં રહેલા વિશેષ તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને અથવા અમુક લોકોની સંડોવણીને કારણે હાઈકોર્ટ માટે હંમેશા શક્ય ન હોઈ શકે. વૈધાનિક જોગવાઈઓ.' આ એક દુર્ભાગ્યપૂર્ણ પરિસ્થિતિ હશે જે વધુ સારી રીતે ટાળવામાં આવશે.


● હરક્યુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફ્રેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ ● સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફક્ત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

ધમાકા ઓફર... ધમાકા ઓફર... ધમાકા ઓફર...
SALE 8 % UPTO 38 % OFF
Online ખરીદી કરતા પણ ફાયદો
MAHER A/C. CREATION
Bachpan se Pachpan Tak
Mo :- 96387-85835
JENILI SHOPPING CENTER, JUNAGADH

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર - જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ઘનશ્યામભાઈ સાવલીયા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬
જન કલ્યાણ ફાર્મ નર્સરી
પ્લાન્ટેશન તથા બગીચા બનાવવા તથા ગેરેન્ટેડ
કલમ, રોપા, ફળ-ફુલનાં રોપા ઈન દોર, આઉટ ડોર, આયુર્વેદિક રોપા, ચંદન, ડ્રાયફ્રુટ રોપા તથા શાકભાજીના રોપા મળશે
જૂનાગઢથી માત્ર ૫ કી.મી.નાં અંતરે
જૂનાગઢ - મેંદરડા રોડ, મુ. ઈવનગર, તા.જી. જૂનાગઢ



## ‘વૃક્ષારોપણમાં રાષ્ટ્રીય સ્તરે ગુજરાતે સ્થાપ્યો નવો કીર્તિમાન’

# ‘એક પેડ મા કે નામ’ અભિયાનમાં અત્યાર સુધીમાં ગુજરાત ૭.૧૫ કરોડથી વધુ વૃક્ષારોપણ સાથે દેશમાં બીજા ક્રમે : વન મંત્રી શ્રી મુળુભાઈ બેરા

★ અભિયાનમાં સુરત જિલ્લો સૌથી વધુ ૫૮ લાખ વૃક્ષારોપણ સાથે રાજ્યમાં અવ્વલ નંબરે ★સૌથી વધુ ૮.૮૮ કરોડ વૃક્ષારોપણ સાથે ઉત્તરપ્રદેશ દેશમાં પ્રથમ ક્રમે★ ભારતે અત્યાર સુધીમાં કુલ ૨૯.૩૭ કરોડથી વધુ વૃક્ષો વાવીને નવો રેકોર્ડ સ્થાપ્યો



ગાંધીનગર તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ તા. ૫ જૂન નિમિત્તે શરૂ કરાયેલું રાષ્ટ્રવ્યાપી ‘એક પેડ મા કે નામ’ અભિયાન આજે સાચા અર્થમાં ગુજરાત સહિત દેશના રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ‘જન અભિયાન’ પ્રસ્થાપિત થઈ રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ અભિયાન અંતર્ગત ગુજરાતે સમગ્ર દેશમાં તા. ૬ ઓગસ્ટ ૨૦૨૪ની સ્થિતિએ બીજા નંબરે સૌથી વધુ ૭.૧૫ કરોડથી વધુ વૃક્ષારોપણ કરી રાજ્યમાં ગ્રીન કવરમાં વધારો કરવા નવો કીર્તિમાન સ્થાપ્યો છે. જ્યારે વસ્તી-વિસ્તારના સાપેક્ષમાં ઉત્તરપ્રદેશ ૮.૮૮ કરોડ વૃક્ષારોપણ સાથે દેશમાં પ્રથમ ક્રમે છે.

આ સાથે ‘એક પેડ મા કે નામ’ અભિયાન હેઠળ આજ સુધીમાં દેશના ૩૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મળીને કુલ ૨૯.૩૭ કરોડથી વધુ વૃક્ષો વાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે પર્યાવરણ ક્ષેત્રે ભારતે નવો રેકોર્ડ સ્થાપ્યો છે તેમ, વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા ‘એક પેડ મા કે નામ’ અભિયાન વિશે વિગતો આપતા જણાવ્યું હતું.

વન મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીના પર્યાવરણલક્ષી ‘એક પેડ મા કે નામ’ અભિયાનનો ગુજરાતમાં સૌ પ્રથમ ગાંધીનગરથી પોતાના માતાના નામે એક વૃક્ષ વાવીને પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાનમાં સહભાગી થઈને ગુજરાતના મંત્રી મંડળના સભ્યશ્રીઓ, ધારાસભ્યઓ, સાંસદ સભ્યઓ, પદાધિકારીઓ, અધિકારીઓ, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ અને પર્યાવરણપ્રેમી નાગરિકોએ પોતાની માતાની યાદમાં એક વૃક્ષ વાવીને તેને ઉછેરવાની કાળજી લઈ રહ્યા છે. આ જન અભિયાનના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે ઉત્તરપ્રદેશ બાદ સમગ્ર દેશમાં બીજા ક્રમે છે પરંતુ વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ઉત્તરપ્રદેશ દેશમાં સૌથી વધુ અંદાજે ૧૯.૯૮ કરોડની વસ્તી ઉપરાંત ૨,૪૦,૯૨૮ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવતું રાજ્ય છે. જેની તુલનામાં ગુજરાત અંદાજે ૬ કરોડની વસ્તી તેમજ ૧,૯૬,૦૨૪ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવે છે તે જોતા ગુજરાત વૃક્ષારોપણમાં દેશમાં અગ્રેસર છે તેમ કહી શકાય. આ સિદ્ધિ સૌ પર્યાવરણ પ્રેમી ગુજરાતીઓને આભારી છે તેમ, જણાવી મંત્રીશ્રીએ આ અભિયાનમાં વધુમાં વધુ નાગરિકોને સહભાગી થવા આહ્વાન કર્યું હતું.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે આ અભિયાન હેઠળ વિવિધ જિલ્લાઓમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં થયેલા વૃક્ષારોપણની વિગતો આપતાં કહ્યું કે, તા. ૬ ઓગસ્ટ ૨૦૨૪ની સ્થિતિએ ગ્રામીણ વિસ્તારમાં ૫૭.૨૬ લાખ જ્યારે શહેરી વિસ્તારમાં ૧ લાખ એમ સૌથી વધુ કુલ ૫૮.૨૯ લાખ વૃક્ષારોપણ સાથે સુરત જિલ્લો રાજ્યમાં અવ્વલ નંબર પર છે. આ સિવાય વૃક્ષારોપણમાં અનુક્રમે ભરૂચ જિલ્લામાં ૪૩.૩૩ લાખ, બનાસકાંઠામાં ૪૩.૩૩ લાખ, કચ્છમાં ૪૨.૮૮ લાખ, તાપીમાં ૩૯.૮૩ લાખ, પંચમહાલમાં ૩૪.૨૭ લાખ, મહીસાગરમાં ૩૩.૧૦ લાખ, નર્મદામાં ૩૦.૧૫ લાખ, વલસાડમાં ૩૧.૦૧ લાખ તેમજ ડાંગ જિલ્લામાં ૨૯.૩૭ લાખ એમ કુલ ૩૩ જિલ્લામાં ગ્રામીણ અને શહેરી વિસ્તાર મળીને કુલ ૭.૧૫ કરોડથી વધુ વૃક્ષો ‘એક પેડ મા કે નામ’ અભિયાનમાં વાવવામાં આવ્યા છે.

વન વિભાગના સહયોગથી શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં મોટી સંખ્યામાં ગ્રામ પંચાયતો, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ વૃક્ષ પ્રેમી નાગરિકો સ્વયંભૂ સહભાગી થઈને પોતાની માતાની યાદમાં પસંદગીનું વૃક્ષ વાવીને ગુજરાતમાં જન ભાગીદારી થકી ગ્રીન કવરમાં વધારો કરવા પોતાનું અમૂલ્ય પ્રદાન આપી રહ્યા છે તેમ, મંત્રી મુકેશભાઈએ ઉમેર્યું હતું.

## ભારતીય હોકી ટીમનું ગોલ્ડ જીતવાનું સપનું ચકનાચૂર, જર્મનીએ હરાવ્યું

નવી દિલ્હી, તા.૭

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભારતીય પુરૂષ હોકી ટીમને સેમિફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ૬ ઓગસ્ટ (મંગળવાર)ના રોજ રમાયેલી સેમિફાઈનલમાં ભારતને જર્મની સામે ૨-૩થી હારનો સામનો કરવો પડ્યો હતો. જર્મની તરફથી ગોન્ઝાલો પીલાટ (૧૮મી મિનિટ), ક્રિસ્ટોફર રુહર (૨૭મી મિનિટ) અને માર્કો મિલ્ટકાઉ (૫૪મી મિનિટ)એ ગોલ કર્યા હતા. ભારત તરફથી કેપ્ટન હરમનપ્રીત સિંહ (૭મી મિનિટ) અને સુખજીત સિંહ (૩૬મી મિનિટ)એ ગોલ કર્યા હતા. હવે ભારતીય ટીમ ૮ ઓગસ્ટે સાંજે ૫.૩૦ કલાકે બ્રોન્ઝ મેડલ મેચમાં સ્પેન સામે ટકરાશે. બીજી તરફ ૮ ઓગસ્ટે યોજાનારી ફાઈનલમાં જર્મન ટીમનો સામનો નેધરલેન્ડ સામે થશે.

## ખંભાળિયા પીજીવીસીએલના પેનલ એડવોકેટ તરીકે એન.એ. મુન્દ્રાની નિમણૂક



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયાના જાણીતા એડવોકેટ નાસીર એ. મુન્દ્રાની ખંભાળિયા પી.જી.વી.સી.એલ. કંપનીના પેનલ એડવોકેટ તરીકેની નિમણૂક કરવામાં આવી છે. જેને એડવોકેટ તથા સ્ટાફ મિત્રોએ આવકારીને શુભકામનાઓ પાઠવી છે.

## દ્વારકા પાસે આઠ દિવસમાં બિજો બનાવ બન્યો

# દ્વારકાના બરડીયા ગામ પાસે ટ્રેનની હડફેટે આવી જતા બે વાછડા અને ચાર ગાયના મોત

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૭

દ્વારકાના બરડીયા ગામ પાસે આજે મંગળવારના બોપરે રેલ્વે ટ્રેક ઉપરથી ટ્રેન પસાર થઈ રહી હતી ત્યારે ત્યા ટ્રેક ઉપર ગાયોનો ધણ હતો. ત્યારે ટ્રેનની હડફેટે બે વાછળા અને ચાર ગાય આવી જતા તેઓનું મુત્યું થયુ હતું. બનાવની જાણ ગ્રામજનોને થતા સેવાભાવિ લોકો અને ગૌપ્રેમીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. હજુ દ્વારકા પાસે આવેલ રેલ્વે પુલ્યા ઉપર આઠ દિવસ પહેલા ટ્રેન હડફેટે સાત ગાય ચડી જતા ચાર



ગાયોનો મુત્યું થયા હતા. ત્રણને ઈજા થયેલ હતી. ઉલ્લેખીયન છેકે હાલ વરસાદ સારો પડતા રેલ્વેટ્રેક આસપાસ ઘાસચારો ઉગી નિકળતા ટ્રેક આસપાસ ચારો ખાઈ ગાયો ટ્રેક ઉપરથી પસાર થતી જોવા મલતી હોય છે. ત્યારે આવા બનાવો બને છે. આ ઘટનાને પગલે ગૌપ્રેમીઓમાં અરેરાટી વ્યાપી છે.

## માણાવદરના નાનડીયા ગામે જાહેરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

માણાવદર તા.૭

માણાવદરના નાનડીયા ગામે જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને માણાવદર પોલીસ ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસે નાનડીયા ગામેથી જાહેરમાં રોન પોલીસ નામનો જુગાર રમતા પ્રકાશભાઈ માવજીભાઈ આદ્રોજા, વ્રજલાલભાઈ નરસીભાઈ વિરોજા, ઉકાભાઈ છગનભાઈ બારૈયા, છગનભાઈ રામાભાઈ વાઢેર અને હરદાસભાઈ મેરગભાઈ વદરને ૧૧૯૧૦ રોકડ સહિત મોબાઈલ, મોટર સાયકલ મળી કુલ ૩૫૯૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી માણાવદર પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.

# નાની બાળાઓએ રામેશ્વર મહાદેવ મંદિરે ફુલકાજળી વ્રતનું પૂજન કર્યુ







(પ્રકાશ ભાદરકા દ્વારા)

જૂનાગઢ તા. ૭

આજે નાની બાળાઓનું ફુલકાજળી વ્રત ઉજવવામાં આવશે. આ દિવસે નાની બાળાઓ સારા પતિની પ્રાપ્તિ માટે તથા સ્વસ્થ આરોગ્ય માટે ફુલકાજળીનું વ્રત કરે છે. ત્યારે આદર્શનગર-૨માં આવેલ રામેશ્વર મહાદેવ મંદિર નાની બાળાઓને આજે માતાશ્રી દ્વારા પૂજનવિધિ કરાવવામાં આવી હતી.

ફુલકાજળી વ્રતમાં નાની બાળાઓ આખો દિવસ ફુલની સુગંધ લેતી હોય છે. આજે સવારના નાની બાળાઓ ભગવાન શંકર તથા પાર્વતીનું હેયાના હેતથી પૂજન-અર્ચન કર્યુ હતું. અને ઉપવાસ પણ કર્યા છે. આજે નાની બાળાઓ રાત્રીના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરશે. આમ પાંચ વર્ષ સુધી વ્રત રહેને પાંચમા વર્ષે પાંચ કે સાત નાની બાળાઓને જમાડીને વ્રતનું ઉજવણું કરે છે. અત્રે નોંધનીય છે કે રામેશ્વર મહાદેવ મંદિરે જન્માષ્ટમી, રામનવમી, નવરાત્રી વગેરે તહેવારોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. તેમજ દરરોજ સાંજે મહિલા દ્વારા સત્સંગનું આયોજન કરવામાં આવે છે. તથા જયશ્રી રામ ધુન મંડળ દ્વારા લાડવા બનાવવા તેમજ દર શનિવારે ધુન સહીતનાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

## બાબા રામદેવે કહ્યું...

# ‘જો આપણે બાંગ્લાદેશ બનાવી શકીએ તો હિંદુઓની સુરક્ષા માટે હસ્તક્ષેપ પણ કરી શકીએ’

### યોગ ગુરુ બાબા રામદેવે મંગળવારે બાંગ્લાદેશમાં હિંદુઓના મંદિરો, ઘરો અને વેપારી સંસ્થાઓ પર લક્ષિત હુમલાની નિંદા કરી હતી

નવી દિલ્હી, તા.૭

યોગ ગુરુ બાબા રામદેવે મંગળવારે બાંગ્લાદેશમાં હિન્દુઓના મંદિરો, ઘરો અને વેપારી સંસ્થાઓ પર લક્ષિત હુમલાની નિંદા કરી હતી. તેમણે કેન્દ્ર સરકારને પડોશી દેશમાં હિન્દુ લઘુમતીઓના રક્ષણ માટે રાજકીય અને રાજદ્વારી રીતે દરેક શક્ય પ્રયાસો કરવા હાકલ કરી હતી. તેમણે કહ્યું કે કેટલાક લોકો ભારતમાં પણ અસ્થિરતા પેદા કરવાના ઈરાદાથી સોશિયલ મીડિયા પર બાંગ્લાદેશની ઘટનાને વખાણી રહ્યા છે, તેમની સામે કડક પગલાં લેવાની જરૂર છે.બાબા રામદેવે કહ્યું, ‘બાંગ્લાદેશમાં આપણા હિંદુ ભાઈ-બહેનો પર કોઈ ક્રૂરતા, જુલમ, અતિરેક કે અન્યાય ન થાય તે માટે સમગ્ર દેશે એકજુટ રહેવું પડશે. વિશ્વમાં જે રીતે ઈસ્લામિક કટ્ટરવાદ વધી રહ્યો છે અને હવે તેણે ભારતના પડોશમાં પણ દસ્તક આપી છે તે આપણા દેશ માટે ખૂબ જ ખતરનાક બની શકે છે. મને ડર છે કે હિંદુ દીકરીઓના સન્માનનો મુદ્દો પ્રશ્નમાં આવી શકે છે. ઈસ્લામિક કટ્ટરપંથીઓ બાંગ્લાદેશમાં હિન્દુઓ સાથે જે કરી રહ્યા છે તે ખોટું છે. આપણે ભારતમાં એક થવું પડશે અને વિશ્વને હિન્દુઓની તાકાત બતાવવી પડશે.રામદેવે કહ્યું, ‘બાંગ્લાદેશમાં સાંપ્રદાયિક હિંસા ચરમ પર છે. જમાત-એ-ઈસ્લામી અને તમામ કટ્ટરવાદી દળો તેમની ક્રૂરતા બતાવી રહ્યા છે.

આવી કોઈ ઘટનાનું પુનરાવર્તન ન થવું જોઈએ. તે સહન કરવામાં આવશે નહીં. જો આપણે બાંગ્લાદેશ બનાવી શકીએ તો આપણા હિંદુ ભાઈઓની રક્ષા માટે ત્યાં પણ હસ્તક્ષેપ કરી શકીએ. તેમને (ઈસ્લામિક કટ્ટરપંથીઓ) બચાવવા માટે કેટલાક રાજકીય લોકો, સામાજિક અને ધાર્મિક આતંકવાદીઓ છે, જેઓ ઈચ્છે છે કે બાંગ્લાદેશ જેવી પરિસ્થિતિ ભારતમાં બને. આવા લોકોને પણ અટકાવવા પડશે.ઈજીજીના વરિષ્ઠ નેતા ભૈયાજી જોશીએ પણ બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓને નિશાન બનાવવા પર પ્રતિક્રિયા આપી છે.

તેમણે કહ્યું, ‘ભારત સરકારે બાંગ્લાદેશ મુદ્દે યોગ્ય પગલાં લેવા જોઈએ. અમે સરકારને વિનંતી કરી રહ્યા છીએ કે ત્યાંના હિંદુઓ સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરે. અમને વિશ્વાસ છે કે સરકાર યોગ્ય પગલાં લેશે. બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારના પતનના એક દિવસ બાદ બાબા રામદેવ અને ભૈયાજી જોશીનું નિવેદન આવ્યું છે. તમને જણાવી દઈએ કે શેખ હસીનાએ ૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ બાંગ્લાદેશના વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપ્યા બાદ દેશ છોડી દીધો હતો અને હાલમાં તેઓ ભારતમાં છે.હસીનાને રાજીનામું આપીને બાંગ્લાદેશ ભાગી જવાની ફરજ પડી હતી કારણ કે તેમની સરકાર સામે વિદ્યાર્થીઓના વિરોધ હિંસક બન્યા હતા. હાલમાં બાંગ્લાદેશમાં સેનાએ ચાર્જ સંભાળી લીધો છે અને વચગાળાની સરકાર બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસને બાંગ્લાદેશમાં વચગાળાની સરકારનું નેતૃત્વ કરવા માટે પસંદ કરવામાં આવ્યા છે. બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીનની અધ્યક્ષતામાં યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં દેશની ત્રણેય સેનાઓના વડાઓ અને વિદ્યાર્થી આંદોલનનું નેતૃત્વ કરી રહેલા મોટા વિદ્યાર્થી સંગઠનોના નેતાઓ પણ હાજર હતા.


# લગ્ન કરવાની છૂટ આપવી કે નહીં તે અંગે સુપ્રીમ કોર્ટ વિચારણા કરશે

નવી દિલ્હી, તા.૭

શું ૧૫ વર્ષની મુસ્લિમ છોકરીને પણ મુસ્લિમ પર્સનલ લો અનુસાર લગ્ન કરવાની છૂટ આપી શકાય? સુપ્રીમ કોર્ટ આ અંગે વિચારણા કરશે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે આ મુદ્દે વિવિધ હાઈકોર્ટના અલગ-અલગ નિર્ણયો આવી રહ્યા છે. જેના કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. આ નિર્ણયો સામે વિવિધ અરજીઓ દાખલ કરવામાં આવી રહી છે. જો સુપ્રીમ કોર્ટ આને લગતી તમામ અરજીઓની એકસાથે સુનાવણી કરે અને આ અંગે સ્પષ્ટતા આપે તો સારું રહેશે.CJIએ કહ્યું-આ અંગે સ્પષ્ટતાની જરૂર છે. અમે ટૂંક સમયમાં આ અંગે વિચારણા કરીશું.

રાષ્ટ્રીય મહિલા આયોગ અને રાષ્ટ્રીય બાળ સુરક્ષા આયોગે પંજાબ હરિયાણા હાઈકોર્ટના એ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે, જેમાં હાઈકોર્ટે ૧૫ વર્ષની મુસ્લિમ છોકરીના લગ્નને માન્ય જાહેર કર્યા હતા. વાસ્તવમાં, મુસ્લિમ પર્સનલ લો અનુસાર, મુસ્લિમ છોકરી જાતીય પરિપક્વતાના તબક્કે લગ્ન કરી શકે છે.ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડની રચના ૭-૮ એપ્રિલ ૧૯૭૩ના રોજ કરવામાં આવી હતી. આ બોર્ડ એવા સમયે બનાવવામાં આવ્યું હતું જ્યારે ભારત સરકાર સમાંતર કાયદા દ્વારા ભારતીય મુસ્લિમોને લાગુ પડતા શરિયા કાયદાને નાબૂદ કરવાનો પ્રયાસ કરી રહી હતી. આ સમયગાળા દરમિયાન દત્તક બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલને સમાન નાગરિક સંહિતાની દિશામાં પ્રથમ પગલું કહેવામાં આવ્યું હતું.

## ૮ ઓગસ્ટ ૧૯૪૨ : ભારત છોડો આંદોલન




ભારત છોડો આંદોલનને ભારત ઓગસ્ટ ચળવળ અથવા ભારત છોડો આંદોલન તરીકે પણ ઓળખવામાં આવે છે. તે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના બોમ્બે સત્રમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. તેની શરૂઆત ૮ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ મહાત્મા ગાંધી દ્વારા કરવામાં આવી હતી. ભારતમાં બ્રિટિશ શાસનનો અંત લાવવાની માગણી માટે આ ચળવળ શરૂ કરવામાં આવી હતી. મંત્ર છે કરો યા મરો. અમે કાં તો ભારતને આઝાદ કરીશું અથવા પ્રયાસમાં મરીશું, આપણે ગુલામીની શાશ્વતતા જોવા માટે જીવીશું નહીં." "દરેક ભારતીય પોતાની જાતને એક સ્વતંત્ર માણસ ગણવા દો." "અમારી લડાઈ સત્તા માટે નથી, પરંતુ ભારતની સ્વતંત્રતા માટેની અહિંસક લડાઈ છે. ભારત છોડો આંદોલન એ ભારતની સામૂહિક એકતા વતી એક નિર્ણાયક પગલું હતું. બ્રિટિશ સરકારના દમનકારી ચુકાદાથી દેશની પ્રજા કંટાળી ગઈ હતી. મહાત્મા ગાંધીએ સમગ્ર દેશમાં લોકોનું યોગદાન વધારવા માટે રાજકીય રેલીઓ, હડતાલ અને ભૂખ હડતાલનું આયોજન કર્યું હતું. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતા હતા, અને ભારત છોડો અભિયાન એ "સત્યાગ્રહ" (સત્યપૂર્ણ વિનંતી) ઉપર આધારિત રાષ્ટ્રીય વિરોધ ચળવળ હતી જેણે ભારતમાં બ્રિટિશ સંસ્થાનવાદી શાસનનો અંત લાવવા અને અહિંસક પ્રતિકાર દ્વારા ભારતીય સાર્વભૌમત્વની સ્થાપના માટે હાકલ કરી હતી. અને કાયદાનું શાંતિપૂર્ણ ઉલ્લંઘન. દાદાભાઈ નરોજી એક ઉત્કૃષ્ટ બૌદ્ધિક અને નિઃસ્વાર્થ દેશભક્ત હતા જેમણે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રની સેવામાં સમર્પિત કર્યું હતું. તેઓ "ભારતના ગ્રાન્ડ ઓલ્ડ મેન" અને "ભારતીય રાષ્ટ્રવાદના પિતા" તરીકે લોકો દ્વારા સાર્વત્રિક રીતે પ્રેમ અને પૂજતા હતા.

- ડૉ. જી.આર. ગોહિલ

# ૭ ઓગસ્ટ રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ

દર વર્ષે ૭ ઓગસ્ટને ભારતમાં ‘નેશનલ હેન્ડલૂમ ડે’ તરીકે ઉજવવામાં આવે છે. તે દેશના હેન્ડલૂમ ઉદ્યોગને સશક્ત બનાવવા અને વિશ્વભરમાં હાથશાળની ઓળખ મેળવવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે. ‘હેટમાગ’ આપણા ભારતીય સાંસ્કૃતિક વારસાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. કપડાંથી લઈને ઘરની સજાવટમાં હવે હેન્ડલૂમનો ખાસ સમાવેશ કરવામાં આવી રહ્યો છે. તેથી આ ઉદ્યોગમાં રોજગારી વધી છે અને કારીગરોની હાલત પણ સુધરી રહી છે.

**રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની શરૂઆત :** ૧૯૦૫માં લોર્ડ કર્ઝને બંગાળના વિભાજનની જાહેરાત કરી હતી. તે જ દિવસે કોલકાતાના ‘ટાઉન હોલ’માં એક વિશાળ જાહેર સભા સાથે સ્વદેશી ચળવળની શરૂઆત થઈ. આ ઘટનાની યાદમાં દર વર્ષે ૭મી ઓગસ્ટે ‘રાષ્ટ્રીય હેન્ડલૂમ ડે’ ઉજવવામાં આવે છે.૭ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ આ પ્રકારનો પ્રથમ ઉજવણી સાથે રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની ઉજવણી શરૂ કરી હતી. આ તારીખ ખાસ કરીને સ્વદેશી ચળવળની યાદમાં પસંદ કરવામાં આવી હતી, જે ૭મી ઓગસ્ટ, ૧૯૦૫ના રોજ શરૂ કરવામાં આવી હતી અને સ્વદેશી ઉદ્યોગો, ખાસ કરીને હાથવણાટના વણકરોને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

**રાષ્ટ્રીય હાથવણાટ દિવસનો ઉદ્દેશ :** રાષ્ટ્રીય હાથવણાટ દિવસનો ઉદ્દેશ હાથવણાટમાં વણકરોનું સન્માન કરવાનો તથા હાથવણાટ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો અને દેશની સાંસ્કૃતિક, પરંપરાગત અને આર્થિક પરિદ્રશ્યમાં તેમના પ્રદાનની પ્રશંસા કરીને ગર્વની લાગણી પ્રદાન કરવાનો છે. આ ઉજવણીનો ઉદ્દેશ હેન્ડલૂમ ક્ષેત્રના મહત્વ અને દેશના સામાજિક-આર્થિક વિકાસમાં તેના યોગદાન વિશે જાગૃતિ લાવવાનો છે. ૭મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ૧૦મા રાષ્ટ્રીય હાથશાળ દિવસની ઉજવણી વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે ઉજવવામાં આવશે. આ પ્રસંગે ભારતના માનનીય ઉપરાષ્ટ્રપતિ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. કેન્દ્રીય કાપડ મંત્રી શ્રી ગિરિરાજ સિંહ અને વિદેશ અને કાપડ રાજ્યમંત્રી શ્રી પબિત્રા માર્ગેરિટા આ સમારંભમાં હાજરી આપશે. આ કાર્યક્રમમાં સાંસદો, જાણીતી હસ્તીઓ, ડિઝાઈનરો, ઉદ્યોગ પ્રતિનિધિઓ અને નિકાસકારો, વરિષ્ઠ સરકારી અધિકારીઓ તેમજ દેશભરમાંથી ૧૦૦૦થી વધુ વણકરો હાજરી આપશે.

**પાટણનાં પટોળા :** પાટણનાં પટોળાની કળાએ ૯૦૦ વર્ષ જૂની છે. આ સાડી બનાવવા માટે ૪ થી ૬ મહિનાનો સમય લાગે છે. પાટોળા એ ડબલ ઈકત વણાયેલી સાડી છે, જે સામાન્ય રીતે રેશમથી બનેલી હોય છે. એક સાડી બનાવવા માટે ૬ મહિનાથી ૧ વર્ષનો સમય લાગી શકે છે. જેની કિંમત લાખોમાં હોય છે.

**આત્મનિર્ભર બનવાની તક :** મોટી સંખ્યામાં લોકોને રોજગારી આપવા ઉપરાંત, હેન્ડલૂમ્સ મહિલાઓને આત્મનિર્ભર બનવાની તક પણ પૂરી પાડે છે. આપણા દેશમાં એવા ઘણા રાજ્યો છે, જે ખાસ કરીને હેન્ડલૂમ માટે જાણીતા છે. આમાં આંધ્રપ્રદેશની કલમકારી, ગુજરાતની બંધની, તમિલનાડુની કાંજીવરમ અને મહારાષ્ટ્રની પૈથની, મધ્યપ્રદેશની ચંદેરી, બિહારની ભાગલપુરી સિલ્ક એવી કેટલીક હેન્ડલૂમ્સ છે જે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે.

લેખન : પ્રો.ડૉ. સચિન જે. પીઠડીયા, સરકારી વિનયન કોલેજ-ભેંસાણ

# નારી વંદન ઉત્સવ અંતર્ગત 'મહિલા કર્મયોગી દિવસ'ની ઉજવણી

## કામકાજનાં સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાયત, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ અધિનિયમ-૨૦૧૩ વિશે માર્ગદર્શન : સેમિનાર યોજાયો





જૂનાગઢ, તા.૭

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ કચેરી તથા જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ''નારી વંદન ઉત્સવ'' અંતર્ગત મહિલા કર્મયોગી દિવસની ઉજવણી નિમિતે દરેક સરકારી કચેરીમાં કામકાજનાં સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાયત, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ-૨૦૧૩ હેઠળ રચવામાં આવેલા આંતરિક સમિતિના સભ્યો તથા મહિલા કર્મચારીઓની જાગૃત્તિ અર્થે સેમિનાર યોજાયો હતો. "કામકાજનાં સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ-૨૦૧૩" વિષય ઉપર જૂનાગઢ જિલ્લા કાનૂની સેવા સતા મંડળ સેક્રેટરી પરમારના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સેમિનારમાં વિવિધ કચેરીના મહિલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

જૂનાગઢ સ્થિત એન.આર.વેકરીયા માસ્ટર ઓફ લૉ કોલેજના પ્રોફસર ડૉ.નિરંજનાબેન મહેતાએ, કામકાજનાં સ્થળ પર કયા પ્રકારના વ્યવહારને ''જાતીયસતામણીકહેવાય? જાતીય સતામણીનો ભોગ બનતી હોય તે મહિલાઓ આ અંગેની અરજી ક્યા સ્થળ પર અને કેટલા દિવસમાં કરી શકે? આ અંગે કાયદાકીય જોગવાઈ, દંડ અને સજાના પ્રાવધાનો, મહિલાઓના બંધારણીય અધિકારો, ઘરેલુ હિંસા, જાતિય સતામણી સામે કાયદાકીય રક્ષણ વગેરે વિશે માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા મહિલા અને બાળ અધિકારી સી. જી. સોજીત્રાએ તેમના ઉદ્દબોધનમાં, કામકાજના સ્થળે જાતીય સતામણી અટકાયત અધિનિયમ – ૨૦૧૩ વિશે પ્રાથમિક વિગતો આપી હતી. સખી વન સ્ટોપ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર, બેટી બચાવો બેટી પઢાવો, વ્હાલી દીકરી સહિત મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત વિગતો આપી હતી. કામકાજનાં સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ બાબતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ "પ્રતિકાર" ફિલ્મ દર્શાવવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી બી.ડી.ભાડે શાબ્દિક સ્વાગત, પ્રાસંગિક ઉદ્દબોધન અને આભારદર્શન કર્યુ હતું.

કાર્યક્રમને સફળ બનાવવા જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ કચેરી કર્મચારીશ્રીઓએ જહેમત ઉઠાવી હતી, તેમ જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### મનરેગા યોજાનાથી વાકેફ કરવા માટે

# જૂનાગઢ તાલુકામાં ૧૩ ગામોમાં રોજગાર દિવસનું આયોજન



જૂનાગઢ, તા.૭

સમગ્ર જિલ્લામાં મનરેગા યોજનાના અમલીકરણ માટે ગ્રામજનોને મનરેગા યોજનાથી વાકેફ કરવા માટે દર માસના પ્રથમ શનીવારના રોજ રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગ્રામ્ય પરિવારને મનરેગા યોજના અંતર્ગત ૧૦૦ દિવસની રોજગારી મેળવવા પ્રોત્સાહીત કરવા તેમજ યોજના વીશે જાણકારી મળી રહે તે હેતુથી તા.૩-૮-૨૦૨૪ ના રોજ જૂનાગઢ તાલુકાના ૧૩ ગામોમાં -રોજગાર દિવસ તેમજ એક પેડ માં કે નામ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો જેમાં ગ્રામજનોએ ઉત્સાહપુર્વક ભાગ લીધેલ હતો. રોજગાર દિવસ ની ઉજવણીમાં તાલુકા કક્ષાના કર્મચારીઓ દ્વારા જુદા જુદા ગામે જઈ ગ્રામજનોને મનરેગા યોજના અંતર્ગત રોજગારી મેળવવા માટે કરવાની થતી કાર્યવાહીથી તેમજ તેઓને મળતા અધિકારોથી વાકેફ કરવામાં આવેલ હતા, તેમજ વધુમાં વધુ ગ્રામજનો મનરેગા યોજના અંતર્ગત વ્યકતિગત તેમજ સામુહીક કામોનો લાભ મેળવે તેવી અપીલ કરવામાં આવી હતી.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે હવામાનના અવલોકનો લેતા કર્મચારીઓ માટે તાલીમ યોજાઈ




જૂનાગઢ, તા.૭

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા જૂનાગઢ ખાતે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિવિધ પેટા કેન્દ્રો ખાતેની હવામાન વેધશાળામાં દૈનિક હવામાનના અવલોકનો લેતા કર્મચારીશ્રીઓ માટે એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ૨૫ તાલીમાર્થીઓએ તાલીમ મેળવી હતી.

કુલપતિ ડો.વી.પી. ચોવટીયાએ જણાવ્યું કે, વિપરિત આબોહવાકીય પરિસ્થિતિ હાલમાં જુદી છે, નવીન ટેકનોલોજી અપનાવી ખેતી ખર્ચ ઘટાડવા તેમજ કૃષિમાં આબોહવા પરિવર્તનની અસરો વિશે વિગતો આપવામાં આવી હતી. દૈનિક હવામાનના અવલોકનો લેતા કર્મચારીશ્રીઓ વધુ ચોકસાઈ પૂર્વક અવલોકનો લેવામાં આવે તે માટે સૂચન કરવામાં આવ્યુ હતું.

વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.બી. જાદવે, ડિજિટલ માધ્યમથી વધુમાં વધુ ખેડૂતની નજીક રહીને ખેડૂતને માહિતગાર કરવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં કુલસચિવશ્રી ડૉ.વાય. એચ. ઘેલાણી, આચાર્ય અને ડીન, કૃષિ મહાવિદ્યાલય, ડો. પી. ડી. કુમાવત તેમજ પ્રાધ્યાપક અને વડા ડૉ. પી. કે. ચોવટીયા, ડૉ.એસ. જે. સિંધી, મદદનીશ પ્રાધ્યાપક, ડી. આર. વઘાસીયા, નિયંત્રણ અધિકારી ઉમેશ પરમાર, અગ્રોમેટ ઓબ્ઝર્વરે આ તાલીમ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને તાલીમ આપી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.

# હર્ષદ ખાતે સાંસ્કૃતિક વન "હરસિધ્ધિ વન" બનશે દેવભૂમિ દ્વારકા જીલ્લાનું નજરાણું

## આવતીકાલે મુખ્યમંત્રીના હસ્તે ગાંધવી (હર્ષદ) ખાતે સાંસ્કૃતિક વનનું લોકાર્પણ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૭

સમગ્ર વિશ્વ માટે હાલ આબોહવાકીય પરિવર્તનનો વિકટ પ્રશ્ન ઉપસ્થિત છે. ત્યારે આ સમસ્યાનો ઉકેલ મહત્તમ વૃક્ષો ઉછેરી, પર્યાવરણીય સમતુલા જાળવાઈ તે સુનિશ્ચિત કરવાનો છે. પૃથ્વીને હરીયાળી બનાવવા તથા પ્રકૃત્તિના જતન માટે વનો અને વૃક્ષોનું સંવર્ધન કરવું ખૂબ જ આવશ્યક છે. આ પવિત્ર હેતુ માટે રાજ્યમાં દર વર્ષે 'વનો અને વૃક્ષોના ઉત્સવ' એટલે કે 'વન મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવે છે. રાજ્યમાં વર્ષ ૨૦૦૪ થી સાંસ્કૃતિક વન નિર્માણની શરૂઆત થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'એક પેડ માં કે નામ' અભિયાનને સફળ બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં આવતીકાલ ગુરૂવાર તા. ૮ ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ગાંધવી (હર્ષદ) ગામ ખાતે આવેલા પૌરાણિક તથા ઐતિહાસિક મહત્વ ધરાવતા હરસિદ્ધિ માતા મંદિર ખાતે આ વર્ષે '૭૫મો વન મહોત્સવ' યોજાશે અને ૨૩ માં સાંસ્કૃતિક વન ''હરસિદ્ધી વન''નું લોકાર્પણ કરશે. સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિની ઝલક દર્શાવતી 'સૌરાષ્ટ્રની સુગંધ' થીમ સાથે સાંસ્કૃતિક "હરસિદ્ધિ વન''માં નવા અભિગમ સાથે પ્રવાસીઓને અનેક આકર્ષણો જોવા મળશે.

**હરસિધ્ધિ વન પ્રવાસીઓ માટેનું નવું નજરાણું**



દ્વારકા-સોમનાથ સાંસ્કૃતિક કોરીડોરની મધ્યમાં આવેલ આ વન લોકોને મોટી સંખ્યામાં આકર્ષિત કરશે. તેમજ નેશનલ હાઈ-વે ૫૧ ના મુખ્ય માર્ગથી બે કી.મી. દુર હોવાથી લોકોનો પ્રવાસ પણ સુગમ રહેશે. આ વનમાં મુખ્ય દ્વાર, પ્રવેશ પરિસર, હરસિધ્ધિ માતાજી સાંસ્કૃતિક વાટીકા, સેરેમોનીયલ ગાર્ડન, કૃષ્ણ ઉપવન, કૃષ્ણ કમળ વાટીકા વગેરે જેવા સાંસ્કૃતિક આકર્ષણોનું નિમાર્ણ કરવામાં આવ્યું છે. આ વનમાં મુખ્ય વન તરીકે સ્વાગત વાટીકા, આયુષવન, વન કવચ, વાઈલ્ડ લાઈફ ઝોન, તાડ વાટીકા, પવિત્ર ઉપવન, સ્ટોન મેઝ ગાર્ડન, સ્ટોન થેરાપી વોક વે, ગુગળ વન, કેકટસ વાટીકા વગેરે જેવા વનનું નિમાર્ણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બાળ વાટીકા, સેલ્ફી પોઈન્ટ ગાર્ડન, બીચ થીમ સીટીંગ એરીયા, મેડીટેશન, ગઝેબો, સનસેટ પોઈન્ટ પ્રવાસીઓને આકર્ષીત કરશે. પર્યટકોની સુગમતા ધ્યાને લઈ પાર્કીંગ એરીયા, ટોયલેટ અને પીવાના પાણી, રોપા વેચાણ કેન્દ્ર જેવી જન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.આ વનમાં વડ, પીપળો, પ્રાગ વડ જેવા સ્થાનિક પ્રજાતિના વૃક્ષો જેવા કે દરિયાકાંઠે ઉછરી શકે તે માટે તેને અનુરૂપ રોપાઓ પીલુ, નાળીયેર, બદામ, અરણી વિગેરે વૃક્ષો પણ ઉછેરવામાં આવેલા છે. વનમાં વિવિધ પ્રજાતિના અંદાજિત ૪૧,૬૧૯ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યુ છે.

# વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ દ્વારા સંસ્કૃતિ બોધ અભિયાન અંતર્ગત સંસ્કૃતિજ્ઞાન પરીક્ષાનું આયોજન

જૂનાગઢ, તા.૭

વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશના પદાધિકારી અને દરેક વિભાગના અધ્યક્ષ અને મંત્રીઓની તાજેતરમાં એક બેઠક યોજાઇ હતી. બેઠકમા લેવાયેલ નિર્ણય મુજબ ૩૧ ઓગસ્ટ સુધી ગુજરાત પ્રદેશમા સંસ્કૃતિ બોધ અભિયાન હાથ ધરવામા આવ્યુ છે, આ અભિયાનમાં વિદ્યા ભારતીના પૂર્વ છાત્ર, ટ્રસ્ટીઓ, વાલીઓ અન્ય વિદ્યાલયના શિક્ષક મિત્રો અને પ્રબુદ્ધ નાગરિકોને સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં વધુને વધુ સંખ્યામાં જોડવામાં આવી રહ્યા છે. ભારતીય સનાતન વૈદિક સંસ્કૃતિની ધરોહરથી ભાવિ પેઢીને સૂપરિચિત થવા, તેમના વાહક થવા મોટી સંખ્યામાં નાગરિકોને સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં જોડવામાં આવશે. આ પરીક્ષામાં જોડાનારને ભારતીય સંસ્કૃતિ જ્ઞાનની જાણકારીનું પુસ્તક ફાળવવામાં આવશે. જેમાં પુસ્તક આધારિત પરીક્ષા ૧૪મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ લેવાના છે. પરીક્ષામાં બેસનારને પરીક્ષામાં જોડાવાનું પ્રશસ્તિ પત્ર આપવામાં આવશે.

સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં જોડાઈ સંસ્કૃતિના વાહક બનવા જુનાગઢ શહેરની વિદ્યાભારતી વિદ્યાલયનો સંપર્ક કરી પરીક્ષામાં જોડાનાર વ્યક્તિએ નોંધણી કરાવવી જરૂરી છે. અભિયાનને વધુમાં વધુ વ્યાપક બનાવવા માટે વિદ્યાભારતીના અધ્યક્ષ ડો.નીતિનભાઈ પેથાણી, પ્રાંત મહામંત્રી વિષ્ણુભાઈ પટેલ, પ્રાંત ઉપાધ્યક્ષ ડો. કેશૂભાઈ મોરસાણીયા, અપૂર્વભાઈ મણિયાર, ભરતભાઈ મોદી, નેહલબેન ભટ્ટ, સંગઠન મંત્રી મહેશજી પતંગે, સંયોજક જયંતીભાઈ પડસુંબીયા, પ્રીતિબેન વ્યાસ, નિલેશભાઈ કાચા, સક્રિયતાથી કાર્ય કરી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં અભિયાન સફળ બનાવવા વિઠલભાઈ વાછાણી યોગદાન આપી રહ્યા છે. તેમ વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના પ્રાંત અધ્યક્ષ ડો.નીતિનભાઈ પેથાણીની યાદીમાં જણાવાયું છે.

### વનવાસી કલ્યાણ પરિષદ જૂનાગઢ એકમ દ્વારા

# ઉત્તર ગુજરાતના વનપ્રદેશના વનબાંધવો માટે બે દિવસમાં ચાર મેડિકલ કેમ્પ યોજાશે

જૂનાગઢ, તા.૭

જૂનાગઢ વનવાસી કલ્યાણ પરિષદ એકમ દ્વારા પ્રતિ વર્ષ જન્માષ્ટમીના તહેવારો દરમ્યાન ઉત્તર ગુજરાતના વનક્ષેત્રમાં વસતા વનબાંધવોના આરોગ્યની ખેવના કરવા માટે બે દિવસ સુધી આરોગ્ય ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવતું હોય છે. પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ જન્માષ્ટમીના તહેવારો બાદ જૂનાગઢના તબીબો અને સેવાભાવી સ્વયંસેવકો દ્વારા છોટાઉદેપુર જિલ્લાના વનક્ષેત્રમાં વસતા વનવાસી બાંધવો માટે આરોગ્ય ચિકિત્સા શિબિર બે દિવસ સુધી ચાર મેડિકલ કેમ્પ દ્વારા હાથ ધરવામાં આવનાર હોય આ આયોજનમાં જૂનાગઢ જિલ્લા વનવાસી કલ્યાણ પરિષદના જિલ્લા અધ્યક્ષ ડો. પ્રવીણભાઈ સોજીત્રા, મેડિકલ કેમ્પના સંકલનકાર ડો.મુકેશ પાનસુરીયા ડો. પિયુષ વડાલીયા, ડો.ભરત વોરા, ડો.નિકુંજ હુંમર, ડો. કેવિન ચોવટીયા, ડો.દિપક ભલાણી, ડો.ચિરાગ પાનસુરીયા, ડો.જયશ્રીબેન બારડ, ડો. દિનેશ સોંદરવા, ડો.જયદિપ ટીલાળા, ડો.મહેન્દ્ર તારપરા, ડો. હર્ષલ ઉસદડીયા, સહિત જુનાગઢના ખ્યાતનામ તબીબો સેવા ભાવ સાથે પોતાનાં સમયદાન સાથે પોતાનું કર્તવ્ય સમજીને વન ક્ષેત્રના વનવાસી પરિવારોની આરોગ્ય સેવા માટે આગામી સપ્ટેમ્બર મહિનાની શરૂઆતના અઠવાડિયામાં ચિકિત્સા શિબિરમા જોડાશે.

પ્રતિવર્ષ થતા મેડિકલ કેમ્પના અનુભવોના વાર્તાલાપથી જૂનાગઢના પ્રબુદ્ધ નગરજનોને આ સેવામાં રસ જાગતા આ વખતે પ્રતિદિન બે મેડિકલ ટીમ મેડિકલ કેમ્પનું આયોજન કરી બે દિવસમાં ચાર જગ્યાએ આશરે ૫૦ જેટલા ગ્રામીણ ક્ષેત્રોમાં વસતાં વનબાંધવોના પરિવારોને ચિકીત્સા કેમ્પનો લાભ મળી રહે તેમ બૃહદ ફલકમાં શિબિર કરવાનું આયોજન કરવા જઈ રહી છે. ત્યારે જૂનાગઢ વનવાસી કલ્યાણ પરિષદના સૌ કાર્યકર્તાઓની સેવા ભાવનાને જુનાગઢ પ્રબુધ્ધ નગરજનો બિરદાવી રહ્યા છે.

# કોડીનારમાં તાલુકા કક્ષાનો યુવા ઉત્સવ કાર્યક્રમ યોજાયો

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૭

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર આયોજીત ગીર સોમનાથ સંચાલિત તાલુકા કક્ષાનો યુવા ઉત્સવ કાર્યક્રમ કોડીનાર નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ કોડીનાર ખાતે તા.૬/૮ ના મંગળવારે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા નિમુબેન ચાવડા, વિવિધ શાળાઓ માં થી પધારેલ માર્ગદર્શક શિક્ષકો, નિર્ણાયકો, સ્પર્ધકો, શાળાની દિકરીઓ અને શાળાનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. આ કાર્યક્રમ મા વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન, કાવ્ય લેખન, લગ્નગીત, ભજન, એક પાત્રીય અભિનય, સર્જનાત્મક કારીગીરી જેવી ૧૫ જેટલી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# તમારે ગુરૂની જરૂર નથી

ડાહ્યાભાઈ પીછો છોડે તેવા ન હતા. પાછા સવારે આવી પહોંચ્યા. વૃદ્ધ શરીરમાં તેમનો ઉત્સાહ અપાર હતો. મને કહે કે 'એક દિવસથી વધુ ન રોકાવાનો તમારો નિયમ છે તો ભલે, પણ આજ તમારે અહીં નજીકના ગામ વાલોડ આવવું પડશે.' મેં કહ્યું કે 'કેમ?' તો કહે કે 'એ બ્રાહ્મણોનું ગામ છે. આર્યસમાજી છે. ભલભલાને છક્કા છોડાવી દે છે. મારે તમને ત્યાં લઈ જવા છે અને બતાવી આપવું છે કે શેર ઉપર સવા શેર છે.' મને તેમની વાતનો થોડો આભાસ આવી ગયો હતો. રાત્રે જેમ ચિંતા થઈ હતી તેમ ફરી ચિંતા તથા ભયની અસર થઈ. મનમાં થયું કે 'આ ડોસો મને પેલા ગામના વિદ્વાનો સાથે લડાવવા માગે છે. અને મારું શું ગજું? ક્યાં એ વિદ્વાનો અને ક્યાં હું અજ્ઞાની?' મેં ડાહ્યાભાઈને ના કહી: 'મારે વાલોડ નથી આવવું. હું તો આ રેલે રેલે જઈશ.' પણ માને તો ડાહ્યાભાઈ શાના! મારા સ્વભાવની એક દુર્બળતા છે કે કોઈના દૃઢ આગ્રહ આગળ હું દૃઢ નથી રહી શકતો, ઝૂકી જાઉં છું. અંતે જમીને વાલોડ જવાની મેં સ્વીકૃતિ આપી. હું વાહનમાં બેસતો નહિ એટલે મારે પગપાળા જવું અને ડાહ્યાભાઈને બસમાં જવું એવું નક્કી થયું.

જમીને સૌની ભાવપૂર્ણ વિદાય લઈને હું એકલો જ વાલોડ જવા નીકળ્યો. આખા માર્ગ ઈશ્વરસ્મરણ કરતો રહ્યો. 'હે પ્રભો, ગઈ રાત્રે તેં જેમ લાજ રાખી હતી, તેમ આજે પણ રાખજે. વાલોડમાં વિદ્વાન બ્રાહ્મણો રહે છે, તેમાં પાછા આર્યસમાજી તાર્કિકો. આ ડાહ્યાભાઈ કોઈ ધૂની માણસ છે. સિંહોની સાથે બકરાને બાથ ભિડાવવા લઈ જઈ રહ્યા છે. કાલ તો સૌ શ્રદ્ધાળુ શ્રોતાઓ હતા એટલે મારી કાલીઘેલી વાતોને પણ અહોભાવથી સાંભળતા હતા, પણ આજે તો કર્કશ તાર્કિકો છે. તે તર્કો કરશે. પ્રશ્નો પૂછશે. મને શું આવડે છે કે હું જવાબ આપી શકીશ? પ્રભો, તું જ લાજ રાખજે.'

આખી વાટ પ્રાર્થના કરતો રહ્યો. ચિંતા અને ભય પ્રાર્થનાના પ્રેરક બળો છે. સાંજ પડવાની તૈયારી હતી અને હું વાલોડ પહોંચ્યો. નદીકિનારે ગણપતિનું મંદિર. હું જ્યારે મંદિરમાં પહોંચ્યો ત્યારે વીસ-પચીસ બ્રાહ્મણ વિદ્વાનો બેઠેલા. ગામોમાં સાંજે સૌ નવરા હોય એટલે મંદિરના ઓટલે આવીને બેસે. આરતી કરીને ઘેર જાય. યુરોપમાં કોઈ નવરું નહિ એટલે આવું શાંતિથી બેઠેલું કોઈ ટોળું ભાગ્યે જ જોવા મળે.

મને હતું કે ડાહ્યાભાઈ પહોંચી ગયા હશે અને મારી વ્યવસ્થા કરી દીધી હશે. પણ હજી ડાહ્યાભાઈ આવ્યા ન હતા. મને આવેલો જોઈને પેલા વિદ્વાનોએ કશી નોંધ લીધી નહિ. એક ખૂણામાં થેલો મૂકીને નાહવાના કપડા કાઢીને હું ચુપચુપ પેલી મઢીવાળી નદી જે અહીં પણ આવતી હતી ત્યાં નહાવા ગયો. સ્નાન-સંધ્યા કરીને પાછો આવ્યો. પણ હજી ડાહ્યાભાઈ આવ્યા ન હતા. આરતી કરીને સૌ વીખરાવા લાગ્યા. અહીં મંદિરમાં જ રહેનાર કોઈ પૂજારી ન હતો. મંદિર ખુલ્લા જેવું જ હતું એટલે 'ઈધર રહનેકા નહીં હૈ'નો ડર ન હતો. સારું થયું કે મારે સાંજે જમવાનું ન હતું. નહીંતો પણ અહીં કોને પડી હતી કે મારે જમવાનું છે કે નહિ એમ પૂછે? બે-પાંચ માણસો સિવાય બધાય ધીરેધીરે વીખરાઈ ગયા. અંતે તો મારા સમાજે (સાધુસમાજે) જે પ્રતિષ્ઠા-અપ્રતિષ્ઠા સ્થાપિત કરી છે તેના જ ફળ મારે વીણવાના હતા. કોઈએ મારો ભાવ ન પૂછ્યો તેમાં સાધુસમાજનું સમગ્ર રૂપ જવાબદાર હતું.

મંદિરના એક ખૂણામાં બેઠો બેઠો ડાહ્યાભાઈના ધૂનીપણાને હું આક્રોશી રહ્યો હતો. 'મને અહીં ધકેલી દીધો અને પોતે તો હજી આવ્યા જ નથી.' ત્યાં તો જેમ વાદળમાં વીજળી ચમકે તેમ ભાઈસાહેબ ચમક્યા. મોડા આવવાનું કારણ બતાવી, જે બે-પાંચ માણસો બેઠા હતા તેમને ધમકાવવા લાગ્યા. 'ઓળખો છો આ કોણ છે? શુકદેવ છે શુકદેવ!' ગામ સાથે તેમનો આત્મીયતાનો સંબંધ હતો એટલે તથા તેમની નિખાલસતા તથા ભાવુકતાથી સૌ પરિચિત હોવાથી સૌ હસતા ચહેરે તેમની ઝાટકણીને સહન કરતા રહ્યા.

ગઈકાલની મઢીની વાત રંગોળી પૂરીને કરી. સૌ ગામમાં ગયા અને જોતજોતામાં તો લોકો આવવા લાગ્યા. મંદિરનો હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો. મારી ચિંતાનો પાર ન હતો. 'આ ડાહ્યાભાઈની ધૂનમાંથી ક્યારે છૂટું? આવતીકાલે પાછા ત્રીજા ગામ લઈ જશે તો? ના... ના... હવે તો નહિ જ જાઉં.' હું વિચારના ચકડોળે ચકરીઓ ખાઈ રહ્યો હતો.

આજે અહીં કાલની માફક વ્યાસપીઠ ગોઠવાઈ ન હતી. શ્રોતાઓમાં મોટો ભાગ પુરુષો અને તેમાં પણ બ્રાહ્મણોનો હતો. ડાહ્યાભાઈએ પ્રવચન માટે મને આગ્રહ કર્યો. હું ઊભો થયો અને કાંઈ અગડંબગડં બોલવા લાગ્યો. સવા-દોઢ કલાક બોલ્યો અને પોતાની જગ્યાએ બેસી ગયો.

એક પ્રખર આર્યસમાજી વિદ્વાન ઊભા થયા અને પ્રવચન કરવા લાગ્યા. તેનો સાર હતો કે 'તમારે ગુરુ કરવાની જરૂર નથી. તમે પોતે ગુરુ જ છો.'

પ્રવચન પછી સૌનું વલણ બદલાઈ ગયું હતું. સૌને મારામાં, મારી યાત્રામાં, મારા ધ્યેયમાં રસ જાગ્યો હતો.

ડાહ્યાભાઈના ચહેરા ઉપર વિજયસ્મિત ફરકી રહ્યું હતું. તે જે બતાવવા માગતા હતા તે બતાવી દીધું હોય તેમ તેમને લાગતું હતું.

આગળ મહારાષ્ટ્ર શરૂ થશે અને તમને તકલીફ પડશે. અમે તમને પ્રયાગરાજ સુધીની ટિકિટ કરાવી આપીએ, બીજી ચીજવસ્તુઓ લઈ આપીએ, તેવો ઘણાનો આગ્ર હોવા છતાં મેં કશું સ્વીકાર્યું નહિ. બીજા દિવસે પેલા વિદ્વાનને ત્યાં જમીને હું પાછો મંદિરે આવ્યો. જોઉં તો સફેદ ખાદીની સાડીઓમાં પ્રભાવશાળી ચાર-પાંચ ભદ્ર બહેનો મારી રાહ જોઈ રહી હતી. મારું નામ સાંભળીને નજીકના કોઈ સર્વોદય આશ્રમમાંથી તે ચર્ચા કરવા આવી હતી.

સંન્યાસ ના લેવો જોઈએ તેવો તેમનો આગ્ર તથા સલાહ હતા. ત્યારે હું ખાદી કે ગ્રામઉદ્યોગ સંબંધી કાંઈ જાણતો નહિ. મારા નિર્ધારમાં મને દૃઢ જોઈને તે બહેનો આશીર્વાદ આપીને વિદાય થઈ. હું પણ સૌની ભાવપૂર્ણ વિદાય લઈને પાછો રેલવેના પાટા તરફના માર્ગ ચાલી નીકળ્યો.

### ૫૦ હજાર કર્મચારીઓ ઘરે બેસી જશે

# સુરતની મોટી હીરાની પેઢીએ ૧૦ દિવસની રજા જાહેર કરી

## છેલ્લા ત્રણ મહિનામાં સ્થિતિ વધુ ખરાબ થઈ છે જેના કારણે સુરતમાંથી હીરાની નિકાસમાં ૮૨ ટકાનો ઘટાડો થયો છે



સુરત, તા.૭

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે ઓગસ્ટમાં સુરત ડાયમંડ બોર્સ **(SDB)**, વિશ્વની સૌથી મોટી ઓફિસ સ્પેસ લોન્ચ કરી હતી. આ પછી સુરત હીરાઉદ્યોગ નવી ઉંચાઈએ પહોંચે તેવી અપેક્ષા હતી, પરંતુ વૈશ્વિક પરિસ્થિતિમાં તણાવના કારણે હીરા બજારને મોટું નુકસાન થયું છે. અમેરિકામાં નિકાસ ૭૫ ટકા ઘટી છે. ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોના જણાવ્યા અનુસાર છેલ્લા ત્રણ મહિનામાં સ્થિતિ વધુ ખરાબ થઈ છે. જેના કારણે સુરતમાંથી હીરાની નિકાસમાં ૮૨ ટકાનો ઘટાડો થયો છે.સુરતની હીરાની નિકાસમાં ઘટાડાની અસર હવે ઉદ્યોગો પર દેખાઈ રહી છે. સુરતના હીરા ઉદ્યોગના ઈતિહાસમાં પ્રથમ વખત રજા જાહેર કરવામાં આવી છે. સુરતની મોટી હીરા પેઢી કિરણ જેમ્સે સાવન મહિનામાં ૧૦ દિવસની રજા જાહેર કરી છે. કિરણ ફર્મની જાહેરાતને હીરા ઉદ્યોગમાં મોટી ઉથલપાથલ અને મંદી સાથે જોડવામાં આવી રહી છે. કિરણ જેમ્સે ૧૦મી ઓગસ્ટથી ૨૭મી ઓગસ્ટ સુધી રજા જાહેર કરી છે. ડાયમંડ વર્કર્સ યુનિયનના ઉપપ્રમુખ ભાવેશ ટાંકે સરકાર પાસે રત્નકલાકારો માટે આર્થિક પેકેજ અને રત્નદીપ યોજના લાગુ કરવા માંગ કરી છે. મંદીનો સામનો કરવા માટે જ્વેલર્સ માટે આ એકમાત્ર વિકલ્પ છે. કંપની દ્વારા રજા જાહેર કરવાને કારણે ૫૦ હજાર કર્મચારીઓ રજા પર રહેશે. કિરણ જેમ્સની ગણતરી વિશ્વની સૌથી મોટી નેચરલ ડાયમંડ કંપનીઓમાં થાય છે.૨૦૨૨માં રશિયા-યુક્રેન યુદ્ધ બાદ યુએસ દ્વારા રશિયન મૂળના હીરા પર પ્રતિબંધ લાદવામાં આવતા અને જી-૭ દેશોએ તેના પર પ્રતિબંધની જાહેરાત કર્યા બાદ હીરા ઉત્પાદકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.કિરણ જેમ્સના ચેરમેન વલ્લભભાઈ લાખાણીએ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે હીરા ઉદ્યોગ અત્યારે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. આ મંદીનો સમયગાળો છે કારણ કે વૈશ્વિક સ્તરે પોલિશ્ડ હીરાની માંગ નથી. અમે ૧૦ દિવસની રજા જાહેર કરી છે જેથી કરીને હીરાના ઉત્પાદનને નિયંત્રિત કરી શકાય. કંપનીના ઈતિહાસમાં પ્રથમ વખત આવો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે પોલિશ્ડ હીરાના ભાવમાં ઘટાડો થયો છે અને હીરા ઉત્પાદકો માટે તેમનો વ્યવસાય ચલાવવો મુશ્કેલ બની ગયો છે. જો પુરવઠા પર અંકુશ રહેશે તો માંગ વધશે અને તેનાથી ઉદ્યોગને ફાયદો થશે.

સામાન્ય રીતે હીરાના કારખાનાઓમાં દિવાળી દરમિયાન લાંબી રજાઓ હોય છે. કિરણ જેમ્સ, રૂ. ૧૭,૦૦૦ કરોડના વાર્ષિક ટર્નઓવર સાથે, વૈશ્વિક સ્તરે અગ્રણી હીરા કંપનીઓમાંની એક, ડી બીયર્સના સાઈટ ધારકો (રફ હીરાના અધિકૃત ખરીદદારો) પૈકીના એક છે. ડી બીયર્સે અગાઉ આ વર્ષે જૂનમાં પૂરા થયેલા બીજા ક્વાર્ટરમાં પ્રથમ ત્રિમાસિક ગાળાની સરખામણીમાં રફ હીરાના ઉત્પાદનમાં ૧૫ ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો, જે સામાન્ય ઈન્વેન્ટરી કરતાં વધુ હોવાને આભારી હતો. લાખાણીએ જણાવ્યું હતું કે તેમની પેઢી ૫૦,૦૦૦ થી વધુ ડાયમંડ પોલિશર્સને રોજગારી આપે છે, જેમાંથી ૪૦,૦૦૦ નેચરલ ડાયમંડ કટ અને પોલિશ કરે છે, જ્યારે ૧૦,૦૦૦ લેબમાં ઉગાડવામાં આવેલા ડાયમંડ યુનિટમાં કામ કરે છે.

લાખાણીએ કહ્યું કે અમે ડાયમંડ પોલિશ કરનારાઓને તેમની રજાના દિવસો માટે વળતર આપવાનું પણ વિચારી રહ્યા છીએ. લાખાણી તેમની ઓફિસ મુંબઈથી સુરત ડાયમંડ બોર્સ **(SDB)**માં શિફ્ટ કરનાર સૌપ્રથમ હતા. તેઓ માર્ચમાં રાજીનામું આપતાં અને સુરતમાં ખરાબ બિઝનેસ કામગીરીને કારણે મુંબઈ પાછા ફરતાં પહેલાં **SDB**ના ચેરમેન પણ હતા. જોકે, તેઓ કોર કમિટિનો હિસ્સો યથાવત છે.

## ખંભાળિયામાં જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા રાજ્ય સંઘના પ્રમુખનો સન્માન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

દેવભૂમિ દ્વારકા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ આયોજિત ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના સતત ચોથી વખત ચૂંટાયેલ પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાનો સન્માન કાર્યક્રમ ખંભાળિયા બી.આર.સી. ભવન ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા સંઘના પ્રમુખ મેરામણભાઈ ગોરીયા, મહામંત્રી અશોકભાઈ કરમુર અને રાજ્ય સંઘના ઉપપ્રમુખ શુક્લભા સુમણીયાની ખાસ ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા છેલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટ, શિક્ષક જ્યોત સંપાદક જીગાભાઈ પટેલ, ખંભાળિયા ટી.પી.ઈ.ઓ. કનુભાઈ નંદાણીયા, કલ્યાણપુરના જીવાભાઈ હાથલીયા, દ્વારકા હેમતભાઈ સુવા, ખંભાળિયા બીઆરસી રાણાભાઈ, દ્વારકા બીઆરસી ટીનાબેન ત્રિવેદી, ખંભાળિયા તાલુકા સંઘ પ્રમુખ જગદીશભાઈ ડેર, મહામંત્રી હિતેષભાઈ કરમુર, ઉપપ્રમુખ દેવશીભાઈ કરમુર, ભાણવડ તાલુકા સંઘ પ્રમુખ રાહુલભાઈ કંડોરીયા, મહામંત્રી દિનેશભાઈ વાઘમશી, દ્વારકા સંઘ પ્રમુખ હરભમભા જગતિયા, ઉપપ્રમુખ લાલભાઈ, કલ્યાણપુર તાલુકા સંઘ પ્રમુખ કરશનભાઈ રાવલિયા, મહામંત્રી રવજીભાઈ ડાભી, હાજાભાઈ વાળા, પરેશભાઈ ચાવડા, ઉપપ્રમુખ લાખાભાઈ કરમુર, મુકેશભાઈ જોષી, ઈલાબેન વાઢેર, શોભનાબેન ત્રિવેદી, શત્રુંધન ગોજીયા, સુરેન્દ્રભાઈ તમામ કારોબારી સભ્યો, સી.આર.સી. સભ્યો, આચાર્યો અને મોટી સંખ્યામાં શિક્ષકો જોડાયા હતા. આ પ્રસંગે દિગ્વિજયસિંહ જાડેજાનું વિવિધ સ્મૃતિચિહ્ન વડે સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષકોના વિવિધ પડતર પ્રશ્નો બાબતે સવિસ્તૃત ચર્ચાઓ તથા સંવાદ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભીખુભાઈ પિંડારીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## મીઠાપુરના ઈન્ચાર્જ પી.આઈ. જોશીની ખંભાળિયા કંટ્રોલ રૂમમાં બદલી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયા પોલીસ મથકમાં તત્કાલીન ઈન્ચાર્જ પી.આઈ. તરીકે નોંધપાત્ર કામગીરી કરી, થોડા સમય પૂર્વે મીઠાપુર પોલીસ મથકમાં પણ ઈન્ચાર્જ પી.આઈ. તરીકેની ચરસ સહિતના પ્રકરણમાં સારી એવી કામગીરી કરી ચૂકેલા પી.એસ.આઈ. એન.એચ. જોશીની બદલી ખંભાળિયાના પોલીસ કંટ્રોલ રૂમમાં કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પી.આઈ. કક્ષાના પોલીસ મથક મીઠાપુરમાં તાજેતરમાં મુકવામાં આવેલા પી.આઈ. કે.બી. રાજવીએ પોતાનો ચાર્જ સંભાળતા પી.એસ.આઈ. જોશીને ખંભાળિયા મુકવામાં આવ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

એક સારો વિચાર અનેક ખોટા વિચારોને દૂર કરી શકે છે.

- કોલ્ટન

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ સુદ-૩ બુધ પૂજન, મધુશ્રવા તૃતિયા, હરિયાળી ત્રીજ તા.૭ ઓગષ્ટ ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૨, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, પરિઘ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૨૪, સૂ.અ.૭:૨૯


આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), પરોઢે ૩:૧૪ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પરિવારજનોમાં યશ, વૃધ્ધિ રહે. પ્રસંગોનું આયોજન થાય.
વૃષભ:નવા આયોજનો ન કરવા હિતાવહ. કાર્યો સંભાળીને કરવા.
મિથુન:આરોગ્ય બાબતે સંભાળવું. નાણાંમાં સફળતા રહે.
કર્ક: વાણી સંયમ જાળવવો હિતાવહ. આકસ્મીક ધન વ્યય થાય.
સિંહ: નવિન કાર્યમાં સફળતા મળે. આર્થિક મુંઝવણમાંથી માર્ગ મળે.
કન્યા: નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે. વ્યર્થ ચિંતા રહે.
તુલા: કાર્યમાં વિલંભથી સફળતા મળે. વ્યર્થ વાદ-વિવાદ ન કરવો.
વૃશ્ચિક:કાનુની બાબતે લાભ. આવકમાં વૃધ્ધિ થાય.
ધન: મહત્વના નિર્ણયો લઈ શકશો. દિવસ આનંદભર્યો પસાર થાય.
મકર: વ્યાપાર-ઉદ્યોગ બાબતે ચિંતા રહે. મિલન-મુલાકાત સફળ થાય.
કુંભ: સંતાનોથી સહકાર મળે. કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
મીન: સ્નેહીજનોથી અસંતોષ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.

## ખંભાળિયાની પાયલ કાનાણીએ એમબીબીએસની ડીગ્રી મેળવીને સરકારી હોસ્પિટલમાં ફરજ ઉપર



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયા તાલુકાના સલાયા ગામના મૂળ રહીશ અને હાલ ખંભાળિયા સ્થાયી થયેલા સેવાભાવી નિલેશભાઈ કાનાણીની સુપુત્રી પાયલ કાનાણીએ થોડા સમય પૂર્વે ધોરણ ૧૨ સાયન્સમાં નોંધપાત્ર ટકાવારી સાથે મેડિકલ વિભાગમાં એડમિશન મેળવ્યું હતું. ગોધરા સ્થિત મેડિકલ કોલેજમાં પાયલ કાનાણીએ પોતાનું એમ.બી.બી.એસ.નો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરી અને ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલી બોન્ડેડ ડોક્ટરોની ભરતી પ્રક્રિયામાં તા. ૧ ઓગસ્ટથી સામેલ થઈ અને ખંભાળિયામાં મેડિકલ ઓફિસર તરીકે તેમને ચાર્જ સંભાળ્યો છે. ખંભાળિયાના સામાન્ય પરિવારની પુત્રીએ મેડિકલની ઉચ્ચ ડિગ્રી મેળવવાના દ્રઢ નિર્ધાર તેમજ કારકિર્દી પ્રત્યેક તેમની ઝંખનાએ તેણીને આ તબક્કે આ પરિણામ સુધી લાવ્યા છે. ડો. પાયલ નિલેશભાઈ કાનાણીને આ સિદ્ધિ બદલ રઘુવંશી જ્ઞાતિ તેમજ કાનાણી કુટુંબનું ગૌરવ વધારતા શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

## ખંભાળિયાની ગ્રામ્ય શાળામાં ભૂલકાઓને અપાયો પર્યાવરણ જાળવણીનો સંદેશ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયાના ધરમપુર વિસ્તારમાં આવેલી શાળામાં પર્યાવરણીય અભિગમને વધુ સુદ્રઢ બનાવવા અને બાળકોમાં પર્યાવરણ જાગૃતિ અંગેનું મહત્વ જળવાઈ રહે તે માટે શનિવારે શાળા કેમ્પસમાં વૃક્ષારોપણ તેમજ વૃક્ષોના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અહીંના ધરમપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલી ધી પ્રેસિડેન્ટ સ્કૂલ ખાતે શનિવારે "ગ્રીન ડે સેલિબ્રેશન"ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત આ શાળાના વિદ્યાર્થીઓ ગ્રીન પહેરવેશ ધારણ કરીને આવ્યા હતા. આ સાથે શાળામાં ગ્રીન થીમ પર આંશિક ડેકોરેશન કરી અને અહીં બાળકોને ફોટોગ્રાફી કરાઈ હતી. આ પછી શાળા કેમ્પસમાં વિવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. પર્યાવરણલક્ષી અભિગમ દાખવીને બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, વૃક્ષારોપણ, પ્રાકૃતિક વારસાનું જતન, ક્લાયમેટ ચેન્જ, ગ્લોબલ વોર્મિંગ, પ્રદૂષણ, સ્વચ્છતા, વિગેરે બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના અંતે શાળાના ડાયરેક્ટર માહીભાઈ સતવારા તેમજ આચાર્ય ચંદુસર દ્વારા તમામ બાળકોને વિવિધ પ્રકારના ફ્રુટના રોપા તેમજ સીડ્સની કીટ પણ આપવામાં આવી હતી.

## અંધશ્રધ્ધા અને કાળા જાદુ સામે રાજ્ય સરકાર વિશેષ કાયદો લાવશે

અમદાવાદ, તા.૭

કાળા જાદુ, અઘોરી અને અમાનવીય પ્રવૃતિઓ સામે રાજ્ય સરકાર આગામી વિધાનસભા સત્રમાં વિશેષ કાયદો લાવવા જઈ રહી છે.

આ અંગે સરકાર દ્વારા હાઈકોર્ટમાં જાણકારી આપવામાં આવી છે. હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજીને લઈને હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ ફટકારી આવી પ્રવૃતિઓ અટકાવવા ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યુ છે તે અંગે ખૂલાસો માગ્યો હતો.

રાજ્યમાં અંધશ્રદ્ધા સબંધિત ઘટનાઓ અવારનવાર સામે આવતી રહે છે જેને લઈને અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જાહેરાતની અરજી કરવામાં આવી હતી. જેને લઈને હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ ફટકારી આ તમામ પ્રક્રિયાઓ અટકાવા કયા પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તે અંગે ખુલાસો માંગ્યો હતો. જયારે અરજદારની રજૂઆત હતી કે દેશના કેટલાક રાજ્યોમાં આ પ્રકારની ઘટનાઓ માટે કાયદો છે, પરંતુ ગુજરાતમાં આ પ્રકારે કોઈ પણ કાયદો લાગુ પડતો નથી જે સંદર્ભે પણ ખુલાસો કરવા કહ્યું હતું. રાજ્ય સરકારે આ મામલે હાઈકોર્ટમાં જવાબ આપી કહ્યું છે કે આગામી સત્ર દરમિયાન રાજ્ય સરકાર દ્વારા વિશેષ ખરડો પસાર કરવામાં આવશે અને અંધશ્રદ્ધા સહિતની બાબતોમાં કડકાઈથી પાલન થાય તેવા પ્રયાસો પણ કરવામાં આવશે.

નોંધનીય છે કે આ કેસમાં અરજદાર દ્વારા સમગ્ર કાયદા અંગે એક ડ્રાફ્ટ બનાવીને કોર્ટમાં મૂકવામાં આવ્યો છે જેમાં ૧૪ જેટલા મુદ્દાઓને આ ખરડામાં આવરી લેવા માટે ભલામણ પણ કરવામાં આવી છે.

## કેન્દ્રીય મંત્રી નિમુબેન બાભણીયાની શુભેચ્છા મુલાકાત લેતા મનોજ રાઠોડ



(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા. ૭

તાજેતરમાં દિલ્હી ખાતે કેન્દ્રીય મંત્રી શ્રીમતી નિમુબેન બાભણીયા સાથે શુભેચ્છા રાજકોટ જિલ્લા ભાજપ મંત્રી મનોજ રાઠોડએ શુભેચ્છા મુલાકાત લીધી હતી જે પ્રસ્તુત તસ્વીરમાં દર્શાય છે.

# કેન્દ્ર પ્રસારણ બિલ દ્વારા ડિજિટલ મીડિયા અને સોશિયલ મીડિયા ઉપર 'પ્રતિબંધ' મૂકવાની તૈયારી કરી રહ્યું છે : પ્રિયંકા ગાંધી



નવી દિલ્હી તા.૭

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ મોદી સરકાર ઉપર પ્રસારણ સેવાઓ (રેગ્યુલેશન) બિલ લાવીને ડિજિટલ મીડિયા, સોશિયલ મીડિયા, ઓટીટી પ્લેટફોર્મ્સ અને ખાનગીમાં લખવા અને બોલતા લોકો ઉપર પ્રતિબંધ મૂકવાની તૈયારી કરવાનો આરોપ મૂક્યો અને જણાવ્યું કે દેશ આવું સહન કરશે નહીં. કોંગ્રેસના મહાસચિવે મહાત્મા ગાંધી (યંગ ઈન્ડિયા, ૧૯૨૨) અને જવાહરલાલ નહેરૂ (માર્ચ, ૧૯૪૦)ના બે અવતરણો શેર કર્યા, જેમાં તેઓએ અભિવ્યક્તિ અને પ્રેસની સ્વતંત્રતાના મહત્વ ઉપર ભાર મૂક્યો હતો. પ્રિયંકા ગાંધીએ હિન્દીમાં લખેલી એક પોસ્ટમાં, "નાગરિક સ્વતંત્રતા અને પ્રેસની સ્વતંત્રતા એ આપણા શહીદો અને સ્વતંત્રતા સેનાનીઓની મહાન વિરાસત છે." પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં કોઈ પણ સરકાર નાગરિકોની આઝાદીને દબાવવાનું વિચારી શકી નથી. તેમણે જણાવ્યું કે, આજે એક તરફ સત્તાના જોરે સમગ્ર મીડિયાને સરકારનું મુખપત્ર બનાવ્યું છે અને બીજી તરફ ભાજપ સરકારે પ્રસારણ બિલ લાવીને ડિજિટલ મીડિયા, સોશિયલ મીડિયા, OTT પ્લેટફોર્મ અને વ્યક્તિગત ક્ષમતામાં લખતા અને બોલતા લોકો ઉપર પણ પ્રતિબંધ લગાવવાની તૈયારી કરી રહી છે. તેમણે જણાવ્યું કે "આ સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. દેશ આવી ક્રિયાઓને સહન કરશે નહીં. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે બ્રોડકાસ્ટિંગ સ્વતંત્રતા(રેગ્યુલેશન) બિલ અભિવ્યક્તિની સ્વતંત્રતા અને સ્વતંત્ર મીડિયા માટે સીધું જોખમ છે અને દાવો કર્યો છે કે તે ઓનલાઈન "આત્યંતિક દેખરેખ" માટે માર્ગ મોકળો કરશે. કોંગ્રેસના મીડિયા અને પ્રચાર વિભાગના પ્રમુખ પવન ખેડાએ લોકોને સરકારના અત્યાચાર સામે અવાજ ઉઠાવવા વિનંતી કરી છે. જ્યારે સોશિયલ મીડિયા ઉપર ઘણા લોકો સૂચિત કાયદાની કેટલીક જોગવાઈઓ વિશે તેમની ચિંતા વ્યક્ત કરી રહ્યા છે, ત્યારે સરકારે જણાવ્યું છે કે બિલ હજુ પણ ડ્રાફ્ટિંગ તબક્કામાં છે અને હિતધારકો સાથે ચર્ચા ચાલુ છે. રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી એલ મુરૂગને જણાવ્યું કે, "હાલના કેબલ ટેલિવિઝન નેટવર્ક્સ (રેગ્યુલેશન) એક્ટ, ૧૯૯૫ને બદલવા માટે પ્રસારણ સેવાઓ બિલનો ડ્રાફ્ટ અને પ્રદાન કરવા માટે પ્રસારણ ક્ષેત્ર માટે નિયમનકારી માર્ગદર્શિકા ૧૦.૧૧.૨૦૨૩ના રોજ જાહેર ડોમેનમાં ડોમેન નિષ્ણાતો અને સામાન્ય લોકો સહિત હિતધારકોની ટિપ્પણીઓ માટે મૂકવામાં આવી હતી."

### સાગઠિયાના રાજમાં બિલ્ડરોને લીલાલહેર !

# રાજકોટમાં રૂા.૨૦૦ કરોડની જમીન ઉપર હાઈકોર્ટનો સ્ટે હોવા છતાં બિલ્ડિંગ બાંધી દેવાઈ

અમદાવાદ, તા.૭


રાજકોટ અગ્નિકાંડ બાદ તત્કાલીન ટાઉન પ્લાનિંગ અધિકારી મનસુખ સાગઠિયા હાલ જેલમાં બંધ છે. જો કે તેના સમયમાં થયેલા એક પછી એક ગેરકાયદે બાંધકામના કૌભાંડો સામે આવી રહ્યા છે ત્યારે સાગઠિયાનું વધુ એક મોટું કૌભાંડ સામે આવ્યું છે. રાજકોટ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલી આશરે ૨૦૦ કરોડની કિંમતની ૨૫૦૦૦ વાર જગ્યા જે વિવાદાસ્પદ છે અને તેમાં વર્ષ ૨૦૦૭થી હાઈકોર્ટનો સ્ટે હોવા છતાં બાંધકામ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ થયો છે. આ અંગે વિગતો જોઈએ તો રાજકોટના મિત કિશોરભાઈ સોરઠિયાએ જણાવ્યું હતું કે અમારી સંયુક્ત માલિકીની જમીન ૧૫૦ ફૂટ રિંગરોડ પર ફોર્ચ્યુન હોટલની બાજુમાં છે, જ્યાં આશરે ૨૫,૦૦૦ વાર જગ્યા આવેલી છે. એ વર્ષ ૧૯૯૮થી વાંધાજનક જગ્યા છે. એમાં ૩,૦૦૦ વારમાં બિલ્ડિંગનો પ્લાન મંજૂર કરવામાં આવ્યો છે. આખું બિલ્ડિંગ બનાવવામાં આવ્યું છે. વર્ષ ૨૦૦૭થી ગુજરાત હાઈકોર્ટનો સ્ટે હોવાથી બાંધકામ કે વેચાણ માટે પ્રતિબંધિત કરવામાં આવેલી છે છતાં પ્લાન પાસ કરી બિલ્ડિંગ બનાવવામાં આવેલું છે. આ બાબતે મ્યુનિસિપલ કમિશનર અને તત્કાલીન ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયાને અરજી આપી હતી, તેમ છતાં કોઈ પગલાં લેવાયાં નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ જમીન ઉપર વર્ષ ૨૦૦૭થી સ્ટે છે અને એ પછી બિલ્ડિંગનો પ્લાન મંજૂર કરવામાં આવ્યો છે. અમને ન્યાયતંત્ર ઉપર પૂરેપૂરો વિશ્વાસ છે, જેથી ૨૫ વર્ષથી કોર્ટમાં પ્રોસેસ કરી રહ્યા છીએ. આજે અધિકારીઓ અને પદાધિકારીઓ પોતાની સત્તાનો ખોટો ઉપયોગ કરી રહ્યા છે અને અમારા જેવા ખેડૂતોની જમીન ઉપર ખોટી રીતે પ્લાન પાસ કરી રહ્યા છે. આ જગ્યા પર ૩૦૦૦ વારમાં ધ ડેસ્ટીની બિલ્ડિંગ આવેલું છે, જે ગ્રીષ્મા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શ્રીજી ડેવલપર્સ દ્વારા બનાવવામાં આવેલું છે, જે જામનગરના રાજકીય લોકોએ બનાવેલું છે. આ શિલ્પન ગ્રૂપનું છે. તેમણે વધુમાં જણાવ્યું છે. આ સાથે જ તેમણે કહ્યું હતું કે આ જગ્યાના મુખ્ય માલિક અમારા દાદા અરજણભાઈ રામજીભાઈ સોરઠિયા છે. આ સાથે જ અગાઉ આ બાબતે વેસ્ટ ઝોન અને સેન્ટ્રલ ઝોનમાં અરજી આપી હતી, પરંતુ કોઈપણ પ્રકારના એક્શન હજુ સુધી લેવામાં આવ્યાં નથી. આ બિલ્ડિંગ નામાંકિત આયુષ હોસ્પિટલને ભાડે આપવામાં આવેલું છે. નવા મ્યુનિસિપલ કમિશનરને અરજી આપી છે. ૩,૦૦૦ વારમાં બિલ્ડિંગ ગેરકાયદે છે. ઉપરાંત બાજુમાં વંડા કાર માટે ભાડે આપવામાં આવેલા છે.

### હાઈકોર્ટમાં જાહેરહિતની અરજીની સુનાવણીમાં સરકાર દ્વારા સોગંદનામું રજૂ કરાયું

# ગુજરાતમાં અંધશ્રદ્ધાના નિર્મૂલન માટે કાયદાનો મુસદ્દો તૈયાર, વિધાનસભાના સત્રમાં રજૂ થશે

અમદાવાદ, તા.૭

રાજ્યના ગૃહ વિભાગે ગુજરાત હાઈકોર્ટમાં એક સોગંદનામુ રજૂ કરીને માહિતી આપી હતી કે રાજ્યમાં અંધશ્રદ્ધા અને બ્લેક મેજીકના નિર્મૂલન માટે એક મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે અને તેનું બિલ બનાવવા માત આ મુસદ્દો આગામી વિધાનસભામાં મૂકવામાં આવશે. ગૃહ વિભાગના ઈન્ચાર્જ નાયબ સચિવ દ્વારા આ સોગંદનામુ રજૂ કરવામાં આવ્યું છે. ગુજરાત હાઈકોર્ટમાં અખિલ ભારતીય અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ અને અન્ય બે અરજદારોએ જાહેર હિતની અરજી દાખલ કરી હતી. જે ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ રજૂ થઈ હતી. અરજદાર તરફથી રજૂઆત કરાઈ હતી કે ગુજરાતમાં અંધશ્રદ્ધાના નિર્મૂલન માટે કાયદો બનાવવા કોર્ટ સરકારને નિર્દેશ આપવો જોઈએ. આ વિષય બંધારણની સહવર્તી યાદીમાં આવેલો છે. જેથી રાજ્ય તેની ઉપર કાયદો બનાવી શકે છે. ગત સુનાવણી દરમ્યાન કોર્ટે કહ્યું હતું કે, તે કેવી રીતે રાજ્ય સરકારને કાયદો બનાવવા નિર્દેશ આપી શકે ? કાળો જાદુ એમ પણ ગેરકાનૂની છે જ. લાંબા સમયથી ચાલતી ધાર્મિક ક્રિયાઓને આ ક્ષેત્રે કામ કરતી સામજિક સંસ્થાઓ અટકાવી શકે છે. જો કોઈ ઘટના બને જે ગેરકાનૂની છે, તો તેના માટે IPCમાં જોગવાઈ છે. અરજદારે રજૂઆત કરી હતી કે, અંધશ્રદ્ધાની પ્રવૃતિઓને ઓળખવા અને અટકાવવા IPCમાં કોઈ જોગવાઈ નથી. અરજદારે કોર્ટ સમક્ષ ગુજરાતમાં બનેલા બનાવો પણ મૂક્યા હતા.




અરજદારે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઓરિસ્સા, રાજસ્થાન અને આસામમાં આ સંબંધિત કાયદા છે. મહારાષ્ટ્રમાં પ્રિવેન્શન એન્ડ એડ્રિકેશન ઓફ હ્યુમન સેક્રિફાઈસ એન્ડ અધર ઈનહ્યુમન એવિલ એન્ડ અઘોરી બ્લેક મેજીક એક્ટ બનેલો છે. અરજદારોએ ૩૧ વખત ગુજરાત સરકાર સમક્ષ આવો કાયદો બનાવવા રજૂઆત કરી છે. ગુજરાતના કેટલાક બનાવોમાં એક ૨ વર્ષની બાળકીને ગરમ સળિયાથી ડામ આપતા તેનું મૃત્યુ નિપજ્યું હતું. બીજા એક કેસમાં એક વ્યક્તિને કંકુવાળું પાણી પીવા ફરજ પાડવામાં આવી હતી. અન્ય એક કેસમાં એક દિવ્યાંગ વ્યક્તિને ફક્ત માથું જ જમીનની બહાર રહે તેમ દાટી દેવામાં આવ્યો હતો. આ કાયદાનો હેતુ સામાજિક જાગૃતિ અને સામાન્ય લોકોને અંધશ્રદ્ધાથી બચાવવાનો છે. જે સંદર્ભે કોર્ટે કહ્યું હતું કે આવી ઘટના અંગે અરજદાર સમિતિ પોલીસને જણાવી શકે છે. દરેક પ્રવૃત્તિ અટકાવવા માટે કાયદાની જરૂર નથી. કાયદો કોઈપણ પ્રવૃત્તિને થતી અટકાવી શકતો નથી, પરંતુ તેના ભંગ બદલ તેમાં સજાની જોગવાઈ હોય છે.

# ગ્રેહામ થોર્પે ૫૫ વર્ષની ઉંમરમાં દુનિયાને અલવિદા કહી દીધું

### કોઈ ખતરનાક બીમારીએ ઈંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેનના પ્રાણ લીધા ?



લંડન, તા.૭

ઈંગ્લેન્ડના પૂર્વ સ્ટાર બેટ્સમેન ગ્રેહામ થોર્પ હવે આ દુનિયામાં નથી. ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી) કહ્યું કે, થોર્પનું નિધન થઈ ગયું છે. થોર્પ ૫૫ વર્ષના હતા અને ઈંગ્લેન્ડ તરફથી કુલ ૧૦૦ ટેસ્ટ મેચ રમી ચૂકયા છે. ઈંગ્લેન્ડ તરફથી ૧૭ જ ખેલાડી ૧૦૦ અથવા તેનાથી વધારે ટેસ્ટ મેચ રમી શક્યા છે અને થોર્પ આ ખાસ લિસ્ટનો હિસ્સો રહ્યા છે. થોર્પ ૧૯૯૩થી ૨૦૦૫ દરમ્યાન ઈંગ્લેન્ડ માટે ૧૦૦ ટેસ્ટ મેચ રમી ત્યારબાદ તે ઈંગ્લેન્ડ ટીમના બેટિંગ કોચ પણ બન્યા. ૨૦૨૨માં થોર્પને અફઘાનિસ્તાનના હેડ કોચ નિયુક્ત કરાયા હતા પણ તેના ગ્રેહામ થોર્પે ૫૫ વર્ષની ઉંમરમાં દુનિયાને અલવિદા કહી દીધું કઈ ખતરનાક બીમારીએ ઈંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેનના પ્રાણ લીધા ? થોડા દિવસ બાદ સમાચાર આવ્યા કે તે ગંભીર રૂપથી બીમાર છે. થોર્પની બીમારીને લઈ જો કે, વધારે જાણકારી જાહેર કરાઈ નથી. ૨૦૨૨માં થોર્પની ફેમિલીએ ઈંગ્લીશ બેટ્સમેનની તબિયતને લઈ પ્રશંસકોને પ્રાઈવેસીની માંગ કરી હતી. થોર્પ પોતાની ડેબ્યુ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા વિરૂધ્ધ ટ્રેન્ટ બ્રિજ ટેસ્ટમાં સદી ફટકારી હતી. જૂન ૨૦૨૨માં જ્યારે ગ્રેહામ થોર્પના બીમાર થવાના સમાચાર આવ્યા હતા ત્યારે ઈંગ્લેન્ડના હાલના ટેસ્ટ કપ્તાન બેન સ્ટોક્સ ન્યુઝીલેન્ડ વિરૂધ્ધ ટેસ્ટ મેચમાધ્ ગ્રેહામ થોર્પના નામની જર્સી પહેરી રમવા ઉતર્યો હતો. આ બતાવે છે કે, સ્ટોક્સનું થોર્પ સાથે કેટલું ખાસ કનેક્શન હતું. થોર્પે ૧૦૦ ટેસ્ટ મેચોમાં ૪૮.૬૬ની શાનદાર સરેરાશથી કુલ ૬૭૪૪ ટેસ્ટ રન બનાવ્યા છે. આ દરમ્યાન તેમણે ૧૬ ટેસ્ટ સદી પણ ફટકારી છે. થોર્પે ૮૨ વન-ડે ઈન્ટરનેશનલ મેચોમાં ૩૭.૧૮ની સરેરાશથી ૨૩૮૦ રન બનાવ્યા છે જેમાં તેમણે ૨૧ અર્ધસદી બનાવી છે.

# વિદ્યાર્થી, નોકરિયાતો અને વ્યવસાયિકો માટે વર્કશોપ્સ, સેમિનાર અને ઓનલાઈન કોર્ષ કેટલા અસરકારક ?

**આવા કાર્યક્રમોમાં સામેલ થઈને એકસપર્ટ તરીકે માહિતી આપનાર વ્યક્તિ જે-તે ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી ધરાવતા હોય છે. તેઓને ઊંડું જ્ઞાન હોય છે અને પ્રેક્ટિકલી ગ્રાઉન્ડ લેવલે શું ચાલી રહ્યું છે અને તેને કેવી રીતે પહોંચી વળવું તે બાબતે અનુભવ હોય છે. આથી તમને તેમના બહોળા અનુભવનો લાભ મળે છે. આથી જ્યારે તમારે કોઈ પ્રશ્ન આવે તો મુખ્યત્વે તેના માટે વિચાર કે બીજાને પૂછવાની કે રેફરન્સ શોધવાની જરૂર નથી. કારણ કે અગાઉથી જ જાણકારી મળી ચૂકી હોય છે. આ સાથે તમે તમારા જ્ઞાનનો લાભ તમારી સાથે અથવા તમારા હાથ નીચે કામ કરતા વ્યક્તિઓને પણ આપી શકો છો. સેલ્ફ માર્કેટીંગ અને નેટવર્કિંગ સાથે બજારના પ્રવાહોની માહિતી મળી રહેતી હોય છે**

મિત્રો આજે આપણે એવા એક વિષય ઉપર વાત કરવાની છે કે જે અભ્યાસ ઉપરાંત તમારામાં પ્રેક્ટીકલ અને પ્રવર્તમાન પ્રવાહો વિશે વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને વ્યવસાયિકોને એક અલગ લેવલનું જ્ઞાન આપે છે. આ બાબતે યુવા મિત્રોએ વિચાર કર્યો હશે કે નહીં તે એક મોટો પ્રશ્ન છે. પરંતુ હાલમાં શિક્ષણથી લઈને વ્યવસાયિક ક્ષેત્રમાં વર્કશો, સેમિનાર અન વિષયને લગતા પ્રવચનોનું ખૂબ જ મોટા પાયે આયોજન કરવામાં આવી રહ્યું છે. તે ઓનલાઈન પણ હોઈ શકે અને ઓફલાઈન પણ હોઈ શકે. કોઈ સંસ્થા દ્વારા વિનામૂલ્યે હોઈ શકે અને પેઈડ પણ હોઈ શકે. પરંતુ મોટો પ્રશ્ન એ છે કે આ બધા કાર્યક્રમો તમને કેટલા મદદરૂપ થઈ શકે અને આવા કાર્યક્રમો અસરકાર હોય છે? તમારી કારકિર્દીને નવી ઉંચાઈ ઉપર લઈ જવા માટે પૂરતા અસરકાર છે કે નહિ તે તમામ બાબતો વિચાર માંગી લે તેવી છે. આથી આજે આપણે આ વિષય ઉપર ચર્ચા કરીશું.

**શું હોય છે વર્કશોપ, સેમિનાર કે ઓનલાઇન કોર્ષ :-**

**વર્કશોપ :** જો એકદમ સરળ ભાષામાં સમજાવું તો વર્કશોપનો આમ તો મતલબ થાય છે કારખાનું. પરંતુ શિક્ષણ અને કારકિર્દીની ભાષામાં તેનો મતલબ છે કાર્યશાળા. તેનો હેતુ તેમાં ભાગ લેનારાઓને નક્કી કરેલા વિષય ઉપર થીયરીકલ અને પ્રેક્ટીકલ જ્ઞાન આપવાનો હોય છે. આ વર્કશોપ કોઈપણ વિષય ઉપર હોઈ શકે. શાળા, કોલેજ કે વ્યવસાયીક સ્તરે હોઈ શકે છે. આ વર્કશોપ એકથી ત્રણ દિવસનો હોઈ શકે છે. જેમાં જ્ઞાન, ગમ્મત અને સ્કીલ ડેવલપમેન્ટ હોઈ શકે છે. તેમાં જે-તે ક્ષેત્રના નિષ્ણાતને બોલાવવામાં આવે છે. તેઓ પોતાના આટલા વર્ષોનો અનુભવ અને તેમના દ્વારા કેળવાયેલી આવડત ભાગ લેનારો સાથે શેર કરે છે અને તેમને જ્ઞાન વધારવામાં મદદ કરે છે. ધારો કે, કે રીયલ એસ્ટેટ ક્ષેત્ર માટે રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એક્ટ કે જે રેરાના કાયદા તરીકે ઓળખાય છે અને તે બિલ્ડરો દ્વારા મિલકત ખરીદનારાઓ સાથે કોઈ જાતની છેતરપિંડી ના થાય અને નિયમોનું પાલન થાય તેવા ઉમદા હેતુ માટે બનાવવામાં આવ્યો છે. તેમાં બિલ્ડર દ્વારા રેરાને પોતાના પ્રોજેક્ટની તમામ માહિતી આપવાની હોય છે અને મુખ્યત્વે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા આપવામાં આવે છે. દાખલા તરીકે આ કાયદામાં નવી કોઈ જોગવાઈ આવી હોય તો તેનું નોલેજ આપવા માટે અને કોમ્પલાયન્સ કેવી રીતે કરવું તે બાબત શીખવવા માટે સીએ ઈન્સ્ટીટ્યુટ દ્વારા પોતાના સભ્યો માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે તેને વર્કશોપ કહેવામાં આવે છે. આથી ભાગ લેનારાઓને વિષય વસ્તુનું જ્ઞાન અને આવડત બન્ને મળે છે.

**સેમિનાર :** સેમિનાર એટલે કે ચર્ચાસત્ર, ગોષ્ઠિ, પરિસંવાદ વગેરે કહેવામાં આવે છે. તે મુખ્યત્વે એક દિવસ કે વધીને બે દિવસ હોય છે. આ સેમિનારનું આયોજન મોટા પાયે કરવામાં આવે છે કે જેમાં ઓછામાં ઓછા ૧૦૦ માણસો ભાગ લેતા હોય છે અને વધુમાણસો પણ હોઈ શકે છે તે કાર્યક્રમના આયોજન ઉપર આધારિત હોય છે. તેમાં કોઈ એક વિષય પસંદ કરવામાં આવે છે. તે વિષય ઉપર ભાષણ આપવા માટે જે-તે ક્ષેત્રના નિષ્ણાતોને બોલાવવામાં આવે છે. તેમાં ભાગ લેનારાઓને તેના વિષે સમજ મળે છે અને છેલ્લે પ્રશ્નોત્તરી થાય છે. દાખલા તરીકે પોલીસ વિભાગ દ્વારા કે રાજ્યના કાયદા વિભાગ દ્વારા કેન્દ્ર સરકારે બનાવેલા નવા ત્રણ કાયદા ભારતીય ન્યાય સંહિતા, ભારતીય સાક્ષ્ય સંહિતા અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની સમજ આપવા માટે પોલીસ કર્મચારીઓ કે વકીલો માટે જે કાર્યક્રમ ગોઠવવામાં આવે તો તેને સેમિનાર કહી શકાય. આથી આ સેમિનારમાં સાંપ્રત બાબતે વિષયના નિષ્ણાત દ્વારા સમજ આપવામાં આવે છે. આથી બહોળા વર્ગને લાભ મળી શકે.



**ઓનલાઇન ક્લાસ અથવા વર્કશોપ :-** ઓનલાઈન ક્લાસ કે જેને વર્કશોપ પણ કહી શકો તે મુખ્યત્વે શિક્ષણના હેતુ માટે જ હોય છે. કોઈપણ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા વિનામૂલ્યે અથવા તો પ્રોફેશનલ સંસ્થા દ્વારા ફી વસૂલ કરીને તેમાં ભાગ લેવા દેવામાં આવે છે. આ ઓનલાઈન ક્લાસ એક સાથે એક સપ્તાહ કે પખવાડિયા માટે અથવા તો વીકેન્ડમાં કે અલગ - અલગ દિવસોમાં ભાગ પાડીને તેનું આયોજન કરવામાં આવે છે. દાખલા તરીકે કોઈ મેડિકલ એજ્યુકેશન બાબતે કોઈ ઓનલાઈન ક્લાસ રાખવામાં આવ્યા હોય તો ડોક્ટરો કે તે ક્ષેત્રના વ્યવસાયિકોને સમયની અનુકુળતા મળી રહે તેના માટે રાખવામાં આવે છે. અમુખ્યત્વે હાલના જ્ઞાનમાં વધારો કરવા માટે ઓનલાઈન ક્લાસિસનું આયોજન કરવામાં આવે છે. દાખલા તરીકે કોઈ પ્રોફેશનલ શેફ દ્વારા મિઠાઈ બનાવવાના ઓનલાઈન ક્લાસનું આયોજન કરાયું, કોઈ સ્પર્ધાત્મક પરીક્ષાનું શિક્ષણ આપતી સંસ્થા દ્વારા પરીક્ષાની ટિપ્સ આપવા માટે ક્લાસનું આયોજન કરાયું હોય તો તેને ઓનલાઈન ક્લાસ કહેવામાં આવે છે.

**આવા કાર્યક્રમોથી ફાયદો શું ? :-**

મિત્રો આ બાબતમાં આમ તો ઉપરનું જો તમે લખાણ વાંચ્યું હશે તો ખ્યાલ તો આવી જ ગયો હશે કે તમારે સ્કીલ કે જ્ઞાન મેળવવું હોય તો તેમાં ભાગ લેવો જોઈએ. પરંતુ જો તમે એવી આશા રાખતા હશો કે મને ટૂંકાગાળામાં જ બધુ જ્ઞાન મળી જાય અને તરત ફાયદો થઈ જાય તો તેવું વિચારી શકાય નહી. કારણ કે આવા કાર્યક્રમોથી તમને લાંબા ગાળે ખૂબ જ ફાયદો રહેતો હોય છે. વળી તમારા જ્ઞાન અને સ્કીલમાં આવડત વધતી હોવાથી તમારા ક્ષેત્રના બીજા લોકોથી વધુ માહિતગાર અને તૈયાર હોવ છો. વળી આવા વર્કશોપ, સેમિનાર કે ઓનલાઈન ક્લાસ ભરવાના કારણે તમને પ્રમાણપત્રો મળતા હોય છે તે તમારી ક્વોલિફીકેશનમાં ઉમેરો કરે છે. કારણ કે આવા કાર્યક્રમોમાં સામેલ થઈને એકસપર્ટ તરીકે માહિતી આપનાર વ્યક્તિ જે-તે ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી ધરાવતા હોય છે. તેઓને ઊંડું જ્ઞાન હોય છે અને પ્રેક્ટીકલી ગ્રાઉન્ડ લેવલે શું ચાલી રહ્યું છે અનતેને કેવી રીતે પહોંચી વળવું તે બાબતે અનુભવ હોય છે. આથી તમને તેમના બહોળા અનુભવનો લાભ મળે છે. આથી જ્યારે તમારે કોઈ પ્રશ્ન આવે તો મુખ્યત્વે તેના માટે વિચાર કે બીજાને પૂછવાની કે રેફરન્સ શોધવાની જરૂર નથી. કારણ કે અગાઉથી જ જાણકારી મળી ચૂકી હોય છે. આ સાથે તમે તમારા જ્ઞાનનો લાભ તમારી સાથે અથવા તમારા હાથ નીચે કામ કરતા વ્યક્તિઓને પણ આપી શકો છો. ઘણા લોકો તો આવા કાર્યક્રમોમાં ભાગ લેવા માટે બહારગામ કે વિદેશ પણ જતા હોય છે. જેનાથી ભરપૂર લાભ મળતો હોય છે. છેવટે તમને લાંબાગાળે પ્રતિષ્ઠા, આત્મવિશ્વાસ અને સમૃધ્ધિ તરફ દોરી જાય છે. આથી જો તમે તમારા વિષયને લગતા યોગ્ય કાર્યક્રમોમાં ભાગ લો તો તેની એક અલગ જ મઝા છે.

**કોણે ભાગ લેવો જોઇએ ?**

જો તમે અભ્યાસ, ડિગ્રી, અનુભવ કે એક હોદ્દો લઈને બેસી જાવ અને એવું માની બેસો કે મને તો બધુ આવડે જ છે તો તમારી ભૂલ થાય છે. કારણ કે આજના ટેકનોલોજી અને ઝડપી વિશ્વમાં દરેક ક્ષેત્રોમાં નાના-મોટા બદલાવ આવતા જ રહે છે. તે બદલાવ વિશે જાણી અને તેમાં પારંગત થવું જરૂરી છે. ધારો કે તમે એક વકીલ છો અને એવું માની લો કે નવા કાયદા વિશે તો કેસ આવશે ત્યારે અભ્યાસ કરી લઈશું. તો તે બાબત ખોટી સાબિત થાય. જો તમે પહેલેથી જ જ્ઞાન મેળવ્યું હોય તો અસીલને સારી રીતે સમજાવીને તમારામાં લેટેસ્ટ જ્ઞાન છે તે બાબતે તેમના ઉપર અલગ પ્રભાવ પાડી શકો છો. દરેક ક્ષેત્રમાં સમયાંતરે જ્ઞાનમાં વધારો કરતા રહેવું જોઈએ. ધારો કે કોઈ ડોક્ટર ઘૂંટણના ઓપરેશન કરે છે અને તેમાં કોઈ નવી ટેકનોલોજી કે સાધનો આવ્યા અને તે ના શીખે તો તેને અને તેના દર્દીને જ નુકસાન છે. આથી સૌ પ્રથમ તમારે નક્કી કરવું જોઈએ કે તમારે હવે કંઈક નવું શીખવાની જરૂરિયાત છે કે નહી અને શીખવા માટે કોઈ યોગ્ય માધ્યમ છે કે નહી. એવું નથી કે જેટલા આવે તેટલા બધા કાર્યક્રમોમાં ભાગ લઈ લો. પરંતુ તમને લાગે કે કાર્યક્રમના આયોજક અને નિષ્ણાત યોગ્ય છે, તેના વિષયને લગતું તમે કામ કરી રહ્યા છો અને તે બાબત સમજવાથી ફાયદો થાય તેમ છે તો જરૂરથી ભાગ લેવો જોઈએ. એવું પણ નથી કે જેટલા થાય તેટલા બધા વર્કશોપમાં ભાગ લેવો. બીજું કે આવા કાર્યક્રમોમાં ભાગ લો તો નવા નવા કોન્ટેક્ટ મળે છે. નેટવર્કીંગ થાય છે. તમે તમારા વિષે જણાવી શકો અને બીજા વિષે જાણી શકો. માર્કેટમાં શું ચાલી રહ્યું છે અને ક્યાં જઈ રહ્યું છે તેની માહિતી મળી રહે છે. છેવટે ફાયદો તો થવાનો જ છે. જો ઘણી વખત ફી ભરીને પણ ફાયદો થતો હોય તો ચોક્કસ તેવા કાર્યક્રમોમાં ભાગ લઈને સમૃધ્ધિ અને પ્રતિષ્ઠા તરફ આગળ વધી શકો છો.

# કેન્દ્ર સરકારનું ૨૦૨૪-૨૫નું બજેટ તમામ વર્ગોની પ્રાથમીક જરૂરિયાતનું પુરક પોષક, ૨૦૪૭ના સુવિકસિત ભારતના નિર્માણનું પ્રેરક પરિબળ બની રહેશે : રિવાબા જાડેજા

## ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર,વિશ્વમાં ભારતનું આર્થિક મહાસત્તાનું કદ વધશે : અલ્પેશભાઈ ઢોલરીયા

## બજેટમાં મહિલાઓ, ખેડૂતો અને પછાતવર્ગને ખુબ જ મોટી રાહતો આપતા પ્રજાની આવક બમણી થશે : રાજકોટ જીલ્લા ભાજપ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૭

કેન્દ્ર સરકારનું ૨૦૨૪-૨૦૨૫નું બજેટ તમામ વર્ગોની પ્રાથમીક જરૂરિયાતનું પુરક પોષક અને ૨૦૪૭ના સુવિકસિત ભારતના નિર્માણનું પ્રેરક પરિબળ બની રહેશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ત્રીજા કાર્યકાળનું ૨૦૨૪-૨૫નું ઐતિહાસિક બજેટ કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનએ રજુ કરેલ છે. જે અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપના માર્ગદર્શન મુજબ રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાની અધ્યક્ષતામાં તેમજ રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, રવિભાઈ માંકડિયા તેમજ પ્રદેશ કક્ષાએથી વક્તા તરીકે પધારેલ જામનગરના ધારાસભ્ય રીવાબા જાડેજાની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદ સંબોધીને રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે બજેટ અંતર્ગત પ્રબુદ્ધ નાગરિક સંવાદ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી રાજકોટ જીલ્લાના પ્રબુદ્ધ નાગરીકોનેબજેટ અંતર્ગત માહિતી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

રીવાબા જાડેજાએ બજેટ વિષે જણાવતા કહ્યું હતું કે, ૪૮ લાખ કરોડનું બજેટ દેશના દરેક વર્ગના લોકો માટે લાભદાયી છે. જેમાં સને ૨૦૪૭ની પરિકલ્પનાને સાકાર કરતું બજેટ છે. ગુજરાતને આ બજેટમાં ૪૩ હજાર કરોડ ફાળવાયા છે. સમાજના લોકોને રોટી, કપડા અને મકાનની સુવિધા આપવાની સરકારની યોજના છે. જામનગરનાં ધારાસભ્ય રીવાબા જાડેજાએ બજેટને આવકારતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે ૩ કરોડ આવાસની જોગવાઈ કરી છે. જેમાં શહેરી ગરીબ લોકો માટે ૧ કરોડ મકાન અપાશે. ગુજરાત રાજય આ આવાસ યોજનામાં અગ્રેસર છે. ૩૪ કરોડ આયુષમાન કાર્ડ અપાશે. આ એક પાવર પેક બજેટ છે. ‘સૌનો સાથ સૌનો વિકાસ’ની ભાવના સાથે સરકારની ૨૦૪૭ની પરિકલ્પના છે. જે બજેટમાં ત્રાદ્દશ્ય થાય છે. એક કરોડ ઘરને (પરિવારને) સબસીડી આપી સોલાર પાવરસીસ્ટમ (પેનલ) અપાશે.

વધુમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં કેન્દ્ર સરકારે રજુ કરેલા બજેટમાં ગુજરાતના વિકાસ માટે ૪૩ હજાર કરોડ જેવી માતબર રકમ ફાળવી છે. જે ગત બજેટ કરતા આ વખતે ગુજરાતને ૧૨ ટકા વધુ રકમ ફાળવવામાં આવી છે. આ વખતનું બજેટ ઐતિહાસિક હતું કારણ કે તે ૨૦૪૭ના વિકસિત ભારતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. તેમણે આ બજેટ જુદા જુદા ૯ સ્તંભો ઉપર આધારિત છે અને તેને કારણે દેશનો સર્વાંગી વિકાસ થશે. આ બજેટમાં કેન્દ્ર સરકારે તમામ વર્ગોના ઉત્થાન માટે યોજનાઓ જાહેર કરી છે.

આ પ્રસંગે જીલ્લા ભાજપના જીલ્લા પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, રવિભાઈ માકડીયા, ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા, જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, રાજકોટ જીલ્લા ભાજપ ટીમ, જીલ્લા સેલના કન્વીનર, સહ-કન્વીનર, જીલ્લાના ચેમ્બર્સ ઓફ કોમર્સના હોદેદારો, જીલ્લાની વિવિધ જી.આઈ.ડી.સી.ના હોદેદારો, વકીલો, સી.એ., ડોકટરો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ સહીતના જીલ્લાના પ્રબુદ્ધ નાગરીકો અપેક્ષિત સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બજેટ ૨૦૨૪ને લઈને રાજકોટ જીલ્લા ભાજપ ટીમ, સાંસદો, ધારાસભ્યશ્રીઓ, ચુંટાયેલા લોકપ્રતિનિધિઓ, મંડલ સંગઠન, જીલ્લા તેમજ મંડલ મોરચા, સહકારી ક્ષેત્રના આગેવાનો સહીત જીલ્લાના તમામ કાર્યકર્તાઓએ સહર્ષ વધાવ્યું છે.

# રાજયમાં ૮૦૦ પીએસઆઈની ભરતી માટે ગીર સોમનાથ જીલ્લાના ૫૭ એએસઆઈ આપશે ખાતાકીય પરીક્ષા

## આગામી તા.૧૮ ઓગષ્ટના રોજ ગાંધીનગર ખાતે લેવાશે પરીક્ષા

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૭

ગુજરાત રાજયમાં ૨૩૩ પીએસઆઈને પ્રમોશન આપ્યા બાદ હવે તે ખાલી પડનાર પોષ્ટ ભરવા માટે પીએસઆઈની ભરતી માટે ખાતાકીય પરીક્ષા ગાંધીનગર ખાતો લેવામાં આવનાર છે.

રજયમાં ૮૦૦ પીએસઆઈની આ ભરતી મોડ થ્રી એકઝામ જાહેર કરવામાં આવી છે. જેના આધારે રાજયના તમામ જીલ્લાઓ અને શહેરોમાંથી છેલ્લા ત્રણ વર્ષ ફરજ બજાવી ચુકેલા નિયમમાં આવતા એએસઆઈનો પરીક્ષામાં બોસવા તક મળશે. રાજયભરમાંથી ૧૩૫૦ ઉમેદવારોએ પીએસઆઈ બનવા માટે ફોર્મ ભર્યા છે. જેની પરીક્ષા ૧૮ ઓગષ્ટે ગાંધીનગર ખાતે લેવામાં આવશે. જેમાં ગીર સોમનાથ જીલ્લાના ૫૭ ઉમેદવારો પણ આ પરીક્ષામાં ભાગ લેશે.

# પવિત્ર શ્રાવણ માસની શુભેચ્છા પાઠવતું રાજકોટ જીલ્લા ભાજપ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૭

દેવાધિદેવ મહાદેવનો પ્રિય મહિનો પ્રવિત્ર શ્રાવણમહિનો તા.૦૫-૦૮-૨૪ના દિવસથી પ્રારંભ થઈ ગયો છે. આ શ્રાવણ મહિનો ભગવાન શિવજીનો આરાધનાનો મહિનો હોય છે. શ્રાવણ મહિનાનું ધર્મગ્રંથોથી લઈને આયુર્વેદ સુધીખૂબ જ મહત્ત્વ છે. શિવપુરાણ અનુસાર આ મહિનો શ્રવણ કરવાનો એટલે સાંભળવાનો છે, એટલે તેનું નામ શ્રાવણ છે. આ મહિનામાં ધાર્મિક કથાઓ અને પ્રવચન સાંભળવાની પરંપરા છે. આયુર્વેદમાં શ્રાવણને યોગ-ધ્યાનનો મહિનો કહેવામાં આવે છે. આ સમગ્ર મહિના દરમિયાન શિવની પૂજા- અર્ચના-અભિષેકથી આરાધના કરવામાં આવે છે. જેમાં રૂદ્રાભિષેક, બિલ્વપત્ર અને ભસ્મ ચઢાવવા સહિતની ઘણી પરંપરાઓ સામેલ છે. રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારીશ્રી ધવલભાઈ દવે, જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાએ પવિત્ર શ્રાવણ માસ પ્રજાજનો ઉપર ભગવાન મહાદેવ સ્વસ્થ સ્વાસ્થ્ય તેમજ સર્વાંગી રીતે જીવનમાં સુખ, સમૃદ્ધિ અર્પે તેમજ સમગ્ર દેશમાં મહાદેવની કૃપાથી શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે તેવી પ્રાર્થના સાથે શુભેચ્છાઓ પાઠવી છે તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયા ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવેલ છે.

# પોરબંદર-ભાવનગર રૂટની બસ ડોળાસા ન જઈને બાયપાસથી પસાર થઈ જતાં મુસાફરો રઝળી પડયા

## ડ્રાઈવર – કંડકટરે ઉદ્ધત વર્તન કરી બસ બાયપાસથી ધરાર લઈ જતા ડોળાસાના બે મુસાફરો ભારે હેરાન થયા હતા

(નિરવ ગઢીયા દ્વારા)


ડોળાસા તા. ૭

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે મોડી રાત્રે ૨ વાગ્યા પછી આવતી પોરબંદર - ભાવનગર રૂટની બસ ધરાર બાયપાસ લઈ જતા તેમાં ડોળાસાના બે મુસાફરો રઝળી પડયા હતા. તો વહેલી સવારે ભાવનગર પહોંચવા આ બસની રાહ જોઈને બેસેલી ચાર બહેનો પણ બસ નહિ મળવાથી ભારે મુશ્કેલીમાં મુકાઈ હતી.

ડોળાસા ગામના ધીરૂભાઈ નરસિંહભાઈ મોરી કામ સબબ તા.૫/૮/૨૦૨૪ ના બપોરે વેરાવળ ગયા હતા અને કામ પતાવીરને તેઓ રાત્રીના દસ વાગ્યે વેરાવળ ડેપોમાં આવ્યા હતા. જ્યાં એક કલાક રાહ જોયા પછી પોરબંદર ભાવનગર રૂટની બસ આવી હતી. જેમાં તેઓ બેસી ગયા હતા. ત્યારબાદ અર્ધા કલાકના વિરામ બાદ બસ ઉપડી હતી. ધીરૂભાઈ અને રામસિંહભાઈ એ ડોળાસાની ટિકિટ લીધી અને કંડકટર ને ૮૯-૮૯ રૂપિયા બંને મુસાફરોએ ચૂકવ્યા હતા . પણ બસ ડોળાસા પહોંચવા આવી એટલે કંડકટર દ્વારા બૂમ મારવામાં આવી ડોળાસાના મુસાફરો બાયપાસ ઉતરી જાય. ધીરૂભાઈ મોરીએ વિરોધ કર્યો કે અર્ધી રાત્રીનાં તમે આમ અંતરિયાળ મુસાફરોને ઉતારી ન શકો તો ડ્રાઈવર અને કંડકટર બંને ધીરૂભાઈ સાથે ઉધ્ધત વર્તન કરવા લાગ્યા "અહી ઉતરી જા નહીતો ઉના લઈ જશું" પણ આ મુસાફરો ન ઉતર્યા તો બસ સાચેજ બાયપાસ જવા દીધી અને ડોળાસાથી બે કી.મી. દૂર ડોળાસા યાર્ડ પાસે બસ ઉભી રાખી આ બંને મુસાફરોને ધક્કો મારી ઉતરી દીધા અને બસ હંકારી ગયા હતા. ત્યારબાદ આ બંને મુસાફરો રાત્રીના ત્રણ વાગ્યે ચાલતા ચાલતા ડોળાસા બસ સ્ટેશનમાં પહોંચ્યા તો ત્યાં ચાર બહેનો ભાવનગર જવા આ બસની રાહ જોતા હતા. ધીરૂભાઈએ જણાવ્યું કે બસ તો બાયપાસ જતી રહી છે. આ બહેનો પણ રાત્રના ત્રણ વાગ્યે હેરાન થઈ ઘરે ગયેલ હતા. આમ ડ્રાઈવર કંડકટરના બેફામ ઉદ્ધત વર્તનથી આ મુસાફરો ભારે પરેશાન થઈ વહેલી સવારે ચાર વાગ્યે ઘેર પહોંચ્યા હતા .

મોડી રાત્રી બે વાગ્યા પછી આવતી પોરબંદર- ભાવનગર બસ રૂટ ડોળાસા અને આજુબાજુના ત્રીસ ગામોની જનતા માટે ભારે ઉપિયોગી છે. ખાસ તો વિદ્યાર્થી ઓ અને દર્દીઓ જે વહેલી સવારે ભાવનગર જવા ઈચ્છતા મુસાફરો માટે આશીર્વાદ રૂપ છે. મોડી રાત્રીના પણ આ બસમાં ડોળાસાથી ટ્રાફિક મળી રહે છે. ડોળાસા ગામના ધીરૂભાઈ એન.મોરીએ વિભાગીય એસ.ટી. કચેરી જૂનાગઢ, ડેપો મેનેજર પોરબંદર સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે અને જવાબદારો સામે પગલાં લેવા માંગ કરી છે.

# જ્ઞાનસેતુ પરીક્ષામાં ફાટસર શાળાના ૧૨ બાળકોનો મેરીટમાં સમાવેશ




(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૭

તાજેતર માં લેવાયેલ જ્ઞાનસેતું પરીક્ષા ૨૦૨૪ માં ફાટસર શાળાના કુલ ૧૨ બાળકોનો મેરીટમાં સમાવેશ થયેલ છે. સરકારશ્રી તરફથી આ બાળકોને ધોરણ ૬ થી ૧૨ પૂરૂં કરશે ત્યાં સુધી અનુક્રમે ૫૦૦૦ થી ૭૦૦૦ રૂપિયા વાર્ષિક શિષ્યવૃત્તિ મળશે. આ પરીક્ષામાં જ ફાટસર શાળાનો વિદ્યાર્થી તાલુકા પ્રથમ આવેલ છે. ફાટસર શાળાના આચાર્ય દ્વારા પાસ થનારા અને મેરીટમાં આવનારા તમામ બાળકો તેમજ મહેનત કરાવનાર શિક્ષકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ગોંડલના યુવા ભાજપ ઉપપ્રમુખ કુલદીપસિંહ જાડેજાનો આજરોજ જન્મ દિવસ



(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા. ૭

ગોંડલ યુવા ભાજપ ઉપપ્રમુખ કુલદીપસિંહ જનકસિંહ જાડેજાનો આજરોજ જન્મ દિવસ છે. મૂળ કાલાવડ તાલુકાના કાલમેઘડા ગામના વતની અને હાલ ગોંડલના નિવાસી છે. અને સામાજિક કાર્યો જેવા કે આ યુષ્યમાન કાર્ડના કેમ્પ, મેડિકલ કેમ્પ, રક્તદાન કેમ્પ સહિત અનેક સામાજિક કાર્યો સાથે જોડાયેલા કુલદીપસિંહ જાડેજા યુવા ભાજપ ઉપપ્રમુખ તરીકે ભારતીય જનતાપાર્ટી સાથે જોડાયેલ છે. તેઓ બહોળો મિત્ર વર્ગ ધરાવતા હોય તેમને તેમના જન્મ દિવસ નિમિત્તે તેમના મો.૮૫૧૧૮૬૦૬૫૮ પર શુભેરછાઓનો વરસાદ વરસી રહ્યો છે.

# ઉનામાં ગાયત્રી માતાજીના મંદિરે સતચંડી યજ્ઞનો પ્રારંભ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૭

ઊના શહેરમાં વેરાવળ રોડ ઉપર આવેલ શિક્ષક સોસાયટી પાસે ત્રીસ વરસ પહેલા પૂ. બ્રહ્મલીન સંત સ્વામી સત્યાનંદ સરસ્વતિ બાપુ (તપોવન આશ્રમ) ના આશીર્વાદ, પ્રેરણા અને માતાજીના ભકતોના તન, મન અને ધનના સહકારથી સુંદર મજાનું વેદ માતા ગાયત્રી માતાજી મંદિરનું નિર્માણ કાર્ય પૂરૂં કરી દિવ્ય તેજવાળી ગાયત્રી માતાજીની પંચમુખી પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી. જેને ઓગણત્રીસ વરસ પૂર્ણ થતાં હોય પાટોત્સવ નિમિત્તે આજે તા.૭/૦૮/૨૪ને બુધવારથી હોમાત્મક સતચંડી યજ્ઞ ત્રણ દિવસનો પ્રારંભ કરવામાં આવેલ છે. આ યજ્ઞમાં અગિયાર યજમાનો બિરાજશે, યજ્ઞ વિધિ આચાર્ય ચેતનભાઈ જયકૃષણભાઈ દવે (પ્રભાસ પાટણ) વાળા અને ભૂદેવો સંપન્ન કરાવશે. યજ્ઞના દિવસો દરમ્યાન મંદિરનું ધ્વજારોહણ, સત્યનારાયણ ભગવાનની કથા, જલયાત્રા, ગુરૂવારે રાત્રે ૯.૩૦ કલાકે હનુમાન ચાલીસાના સમૂહ પાઠ યોજાશે. યજ્ઞનું બીડાહોમ તા.૯/૦૮/૨૪ ને શુક્રવારે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. ત્યારબાદ આરતી અને મહાપ્રસાદ યોજાશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી ગાયત્રી ગરબી મંડળ ઊનાના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઉના ખાતે બહુમુખી પ્રતિભા વ્યક્તિત્વનું વિશિષ્ટ સન્માન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૭

ઊનાના આંગણે ક્રિષ્ના પાર્ટી પ્લોટના સભાખંડમાં સૌરભ સાહિત્ય વર્તુળ ઊના અને બુક કલબ દીવના સયુંકત ઉપક્રમે વિશિષ્ટ સન્માન સમારોહ જી.એસ.ટી. કમિશ્નર જાનીભાઈના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કૃષિપુત્ર અને સરસ્વતી હાઈસ્કૂલના અધ્યાપક ડો. ડી.કે .વાજાનું તેમની બહુમુખી પ્રતિભા વ્યક્તિત્વનું સન્માન સમારોહ યોજાયો હતો. છેલ્લા ત્રીસ વર્ષોની જેમની અધ્યાપક તરીકેની, તથા સામાજિક અને સાંસ્કૃતિક એવંમ્ ધાર્મિક તથા અનેક ક્ષેત્રોમાં થયેલી સૌષ્ઠવભરી કર્મઠ સેવાઓ માટે સમાજના બહુવિધ ક્ષેત્રોમાંથી પધારેલા આગેવાનો, શ્રેષ્ઠીઓ તાલુકા- જિલ્લામાંથી પધારેલા પદાધિકારીઓએ પુસ્તક-તુલા કરી, સન્માન પત્રો , ભેટ સોગાદો અર્પણ કરી સન્માન કર્યું હતું. કવિ લેખક તરીકેની તેમની સાહિત્ય પ્રતિભાનું પણ સૌ સારસ્વતોએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. સમારોહના અધ્યક્ષએ ઊનાનું મોટું ગૌરવ બતાવ્યું હતું. શ્રી વાજાના પથદર્શક, તેમના ગુરૂઓ, બી.એડ. કોલેજના નિયામક નરેન્દ્રભાઈ ગોસ્વામી, રાજુલાના બી.એડ. કોલેજના ત્રિવેદી ઊનાના નગર ગુરૂ દેવુભાઈ પુરોહિત, કવિ લેખક રામભાઈ વાળા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ ટાંક દીવ પ્રદેશના શિક્ષણ વિભાગના વડા માનસિંગભાઈ બાંભણિયા તથા ખૂબ મોટી સંખ્યામાં સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિત સૌએ શ્રી વાજાને બિરદાવ્યા હતા અને શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમનું સ્ટેજ સંચાલન સાવરકુંડલાથી પધારેલ ધર્મેન્દ્રભાઈ કન્યાએ કર્યું હતું, આભાર દર્શન પ્રોફેસર રવિભાઈ તન્નાએ કર્યું હતું.

# પ્રભાસ પાટણમાં સરકારની જમીનમાં આવેલ હંગામી રહેઠાણોનું દબાણ દૂર કરવામાં આવ્યું




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૭

પ્રભાસ પાટણ ગામના સર્વે નંબર ૧૮૫૨ પૈકીની શ્રી સરકારની જમીનમાં આવેલ હંગામી રહેઠાણોનું દબાણ પોલીસ પ્રોટેકશન સાથે દૂર કરવામાં આવ્યું. હાલ આ જમીન પર આશરે ૩૦ થી ૩૫ આસામીઓ દ્વારા ફરી હંગામી રહેઠાણો બનાવીને અનઅધિકૃત પ્રવેશ કરવામાં આવ્યો હતો. જે ધ્યાને આવતાં તેઓને સ્વેચ્છાએ દબાણ દૂર કરવા બાબતે સમજૂતિ આપવામાં આવી હતી. પરંતુ, દબાણદાર દ્વારા દબાણ ખુલ્લું કરવા બાબતે ઈક્કાર કરતા આજ તા. ૬ ઓગસ્ટના રોજ જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચનાથી મહેસૂલી, પોલીસ તથા નગરપાલિકા, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ તેમજ ફાયર વિભાગને સાથે રાખી તમામ હંગામી રહેઠાણોનું દબાણ કોઈ પણ અવરોધ વગર દૂર કરવામાં આવ્યું હતું.

# શિવ ભક્ત રાજકુમારી



**શ્રાવણ સત્સંગ**

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**દેવેન કનકચંદ્ર વ્યાસ**

ઉદાલક મુની એક વખત એક શિવ મંદિરમાં ગયા. આ શિવ મંદિરમાં તે વિસ્તારની રાજાની કુંવરી રાજકુમારી સુંદરીદેવી સ્વયં શિવ મંદિરની સફાઈ કરી રહી હતી. ત્યાર બાદ તેણે મંદિરના વાસણ વગેરેની પણ જાતે જ સફાઈ કરી. ઉદાલક મુનીએ આ બધુ જોયું. તેમને આશ્ચર્ય થયું કે, રાજકુમારી જાતે શિવ મંદિરની સફાઈ કરે એ ખરેખર નવાઈ ની વાત કહેવાય. તેમણે રાજકુમારી સુંદરી દેવીને પુછ્યુ, ‘બેટા, તારા રાજમહેલમાં તારી સેવા કરનારા અનેક દાસ-દાસીઓ છે. જે તારો પડ્યો બોલ ઝીલી લેવા તત્પર રહે છે. તું ધારે તો તેને આજ્ઞા આપી અને આ શિવમંદિરની સફાઈ વગેરેનું કાર્ય કરાવી શકે તેમ છે. તેમ છતાં તું તારા કોમળ હાથ વડે આ મંદિર અને તેના વાસણો વગેરેની સફાઈની સેવા કરે છે. તેનું મને ખુબ જ આશ્ચર્ય થાય છે. ત્યારે રાજકુમારી સુંદરદેવીએ મહર્ષિ ઉદાલક મુનીને હસતાં હસતાં જવાબ આપ્યો, હે મહાત્મન તેની પાછળની એક કથા છે. જે હું તમને કહું છું. પૂર્વે હું પક્ષિણી હતી. એક દિવસ ભુખથી આકુળ-વ્યાકુળ થઈને કંઈ ખાવાનું મળી જશે તેવા હેતુ સાથે એક શિવ મંદિરમાં ગઈ. આ સમયે મંદિરમાં આમ-તેમ ઉડતા રહેવાથી મારી પાંખો વડે મંદિરની ધુળ વગેરે ઉડવા લાગી. આમ અનાયાસે મારાથી મંદિરની થોડી ઘણી સફાઈ થઈ ગઈ. જેના ફળ સ્વરૂપે મારા મૃત્યું પછી મને સ્વર્ગની પ્રાપ્તિ થઈ. સ્વર્ગના ઉત્તર સુખને ભોગવી મારે ફરી મૃત્યું લોકમાં આવવાનું થયું. તેથી કાશીરાજને ત્યાં રાજકુમારી તરીકે મારો જન્મ થયો. ગયા જન્મમાં અજાણતા શિવ મંદિરની થોડી ઘણી સફાઈ કરવાથી મને ઉત્તમ ફળની પ્રાપ્તિ થઈ તે હું ભુલી નથી. તેથી મારા આ જન્મને પણ સાર્થક કરવા હું દરરોજ જાતે શિવ મંદિરની સફાઈ કરૂ છું અને શિવજીની સેવામાં મગ્ન રહું છું. જે સ્ત્રી-પુરૂષ શિવજીની સેવા- ભક્તિમાં રત રહે છે તે જીવન દરમ્યાન દિવ્ય લાભો થાય છે અને અંતે શિવલોકની પ્રાપ્તિ થાય છે. જે હાથો વડે શિવ મંદિરની સફાઈ, જે પગ વડે શિવ-દર્શન માટેની યાત્રા અને જે આંખો વડે શિવ દર્શન થાય છે તથા જે મન વડે શિવજીનું સ્મરણ થયા કરે છે તેને સર્વ પ્રકારના સુખની પ્રાપ્તિ અને ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય છે. આમ, ઉદાલક મુનીને શિવજીના પ્રભાવ વિષેનું જ્ઞાન પ્રાપ્ત થયું.

# સિમ્ફનીના નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પહેલા ત્રિમાસિક ગાળાનાં પરિણામ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૭

સિમ્ફનીના નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પહેલા ત્રિમાસિક ગાળાનાં પરિણામ આ પ્રમાણે છે જેમાં જૂન ૨૦૨૪ સુધીમાં સંચલનોની આવક સંયુક્તપણે ૫૩૧ કરોડ હતી જે જૂન ૨૦૨૩માં ૩૦૨ કરોડ હતી. એટલે કે વાર્ષિક વૃદ્ધિ દર ૭૬% છે. જ્યારે અલગથી જોતાં તે જૂન ૨૦૨૩માં ૧૭૨ કરોડ હતી જે જૂન ૨૦૨૪માં ૩૭૩ કરોડ હતી એટલે કે દર ૧૧૬% છે. સંયુક્તપણે ગ્રોસ માર્જિન અનુક્રમે ૫૧.૨% અને ૪૯.૭% એટલે કે ૧૫૦ બીપીએસ છે જ્યારે અલગપણે ગ્રોસ માર્જિન અનુક્રમે ૫૨.૮% અને ૫૧.૫% એટલે કે ૧૩૦ બીપીએસ છે. ઈબીઆઈટીડીએ માર્જિન (બાકીની આવક અને વિદેશી હૂંડિયામણની ખોટ બાદ કરતાં) ક્રમશઃ ૨૧.૯% અને ૯.૩% છે જે ૧૧૭૦બીપીએસ છે. જ્યારે અલગપણે અનુક્રમે ૨૨.૦% અને ૪.૨% એટલે કે ૧૭૮૦બીપીએસ છે. વેરા પછીનો નફો જૂન ૨૦૨૪ સુધીમાં ૮૮ કરોડ છે જે ગયે વર્ષે આ ગાળામાં ૨૪ કરોડ હતો એટલે કે ૨૭૦%નો વધારો છે. જે અલગપણે જોતા જૂન ૨૦૨૩ સુધીમાં ૬૯ કરોડ છે જે ગયે વર્ષે આ ગાળામાં ૧૪કરોડ હતો એટલે કે ૩૭૫%નો વધારો છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે વચગાળાનું પહેલું ડિવિડન્ડ રૂા.૨ના દરેક ઈક્વિટી શેર ઉપર રૂા.૧/- (૧૦૯%) જાહેર કરેલ છે જે ના.વ. ૨૦૨૪- ૨૫ માટે રૂ. ૯૬.૪૬ કરોડ જેટલી છે. ૦૬ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સિમ્ફની લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી નૃપેશ શાહના જણાવ્યા મુજબ ઉપરની બાબતો ઉપરાંત સબસીડીયરીઝનું સંયુક્ત પરફોર્મન્સ જોઈએ તો ઈપ્કો, મેક્સિકો ખાતે હાઈએસ્ટ ત્રિમાસિક રેવન્યુ હતી તો સીટી, ઓસ્ટ્રેલિયા ખાતે હેડવિન્ડમાં ડિમાન્ડ ચાલુ રહી છે. પ્લાન મુજબ બિઝનેસ ટ્રાન્સફોર્મેશનમાં પ્રગતિ છે. તો જીએસકે, ચાઈનમાં સ્ટ્રોંગ પોઝિટિવ ટોપ-લાઈન અને બોટમ-લાઈન પરફોર્મન્સ છે.

મંત્રીની હાજરીમાં રજુઆત કરતા ચકચાર

# માણાવદરના દગડ ડેમ પાસે જ મરેલા પશુના નિકાલ કરવા સામે પુર્વ ભાજપ પ્રમુખ ધુંઆફુંવા

## મંત્રી તથા કલેક્ટર સહિત ઉચ્ચ અધિકારીઓને રજુઆત છતાં યોગ્ય કાર્યવાહી ના કરાતા માનવજીંદગી સાથે ચેડા બંધ કરવા લોકમાંગ

(ગીરીશ પટેલ દ્વારા)

માણાવદર તા.૭



માણાવદરથી જૂનાગઢ રોડ ઉપર દગડ ડેમ સાઈટ પાસે મરેલા પશુઓના નિકાલ કરવાની સાઈટ છે જે અંગે પુર્વ ભાજપ પ્રમુખ હરીભાઈ ભૂતે તાજેતરમાં અસરગ્રસ્તોની મુલાકાત વખતે મળેલ મીટીંગમાં ચોંકાવનારી રજુઆત કરી છે કે આ સાઈટ તાકીદે બંધ કરાવો કારણ કે આ સાઈટ પાસે દગડ ડેમના પાણી છલકાય છે ત્યારે તે પાણી કપાયેલા હાડ-માસ તથા તેની ગંદકી ભળીને દગડ ડેમ સાઈટથી શહેરના ચેકડેમ જડેશ્વર મંદીરથી રસાલા ડેમથી બાંટવા ખારા ડેમ સુધી આ મરેલા ઢોરના હાડ-માસ, ગંદકી પાણી પ્રવાહ સાથે ભળીને તમામ શુધ્ધ પાણી અશુધ્ધ ગંદકી ભળેલું બનેલ છે. આ એટલી હદે ભયાનક ગંદકી છે કે તેમાં ભુલેચુકે શુધ્ધ વરસાદના પાણી સમજી લોકો હાથ પલાળે તો સાબુથી હાથ ધોવા છતાં દુર્ગંધ જતી નથી. આ સંગ્રહિત પાણીમાં સતત ગંદકી ભળતી રહે તે પાણી જમીનમાં ઉતરે તે કુવા-બોર વાટે પાલીકાના સ્ત્રોતમાં તથા અન્ય સ્ત્રોતમાં ઉતરે છે જે માનવ જીંદગી સાથે ભયાનક ચેડા સમાન છે.

આ ભયાનક ગંદકી અંગે ભારે વરસાદ વખતે મુલાકાતે આવેલા મંત્રી રાઘવજીભાઈ પટેલ સહિત કલેકટર અને ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં હરીભાઈ ભૂતે ઉગ્ર રજુઆત કરી છે.

વધુમાં જણાવેલ કે આ અત્યંત ઘાતક રીતે પીવાના કે ડેમોના પાણીમાં આ મરેલા ઢોરના હાડ-માસ ગંદકી તથા તેના રહેલા રોગચાળાવાળા પાણી જતા શુધ્ધ પાણી અશુધ્ધ થાય છે તેમજ દગડ ડેમની બંને સાઈડોમાં પણ પાણીની તપાસ કરવા માંગ કરી છે. જો આ અંગે ગંભીરતાથી નહી લેવાય તો સમગ્ર શહેર તથા તાલુકાની જનતા અસાધ્ય રોગચાળાનો ભોગ બનશે તેવી સ્થિતી હોવા છતા શા માટે આવા સ્થળેથી હટાવાતું નથી ? ઉચ્ચ અધિકારીઓને સ્થળ મુલાકાત લેવા જણાવેલ પરંતુ કોઈ તપાસ કરતા નથી તથા ડેમોના શુધ્ધ પાણીની લેબોરેટરી થાય તો ભયંકર હદે અશુધ્ધી મળે તે માટે તપાસ કરાવો અને માનવજીંદગી સાથે થતાં ચેડા બંધ કરવા માંગ કરી છે. એકબાજુ સરકાર આરોગ્યલક્ષી કરોડોનો બજેટ ફાળવે છે પરંતુ આવા ભયંકર સ્થળોને ફેરવતા નથી. જેથી માનવ જીંદગી જોખમાય છે. લોકો કારણ વિના પીડાય શકે છે. લોકોને અપીલ કરી છે કે ડેમોના પાણીમાં ન્હાવા કે કોગળા કરતા નહી, નહી તો રોગનો ભોગ બનશો.

# ગીર-સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે છ કરોડ વીસ લાખના ખર્ચ ભવ્ય આંબેડકર ભવન નિર્માણ થશે

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૭

ગીર સોમનાથ જિલ્લાના વડા મથક વેરાવળ ખાતે ડો. બાબા સાહેબ આંબેડકરનું જીલ્લા કક્ષાનું આંબેડકર ભવન બનાવવાની કામગીરી ૨૦૧૮માં મંજૂરથયેલ તેનું ખાતમુહૂર્ત પણ જૂનાગઢ સાસંદ રાજેશ ચુડાસમાની હાજરીમાં થયેલ ત્યારબાદ ભવનની બાંધકામ કામગીરી શરૂ કરતા જમીનની અંદર ઉંડા ખાડા અને ગટરનું પાણી આવતા માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ જગ્યા ઉપર ડિઝાઈન પ્રમાણે બાંધકામની કામગીરી થઈ શકે તેમ નથી તેવું જણાવતા આ ભવનની સ્ટ્રક્ચર ડીઝાઈન ફેરવવાનું જણાવવામાં આવેલ તેથી અત્યારે સુધી આ બાંધકામ ની કામગીરી શરૂ થયેલ નથી.

તેથી આ બાબતે પ્રદેશ ભાજપના મંત્રી ઝવેરીભાઈ ઠક્કર, ગીર સોમનાથ જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠિયા, પુર્વ અનુ. જાતિ મોરચાના પ્રમુખ ગીરીશભાઈ ભજગોતર, ઉપપ્રમુખ દિનેશભાઈ આમહેડા, બચુભાઈ રાઠોડ દ્વારા ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાને



ઉપરોક્ત બાબતે રજુઆત કરતા મંજૂર થયેલ જગ્યાએ ઉપર જ નવી સ્ટ્રક્ચર ડીઝાઈન પ્રમાણે ભવન બનાવવા માટે ઘટતી ગ્રાન્ટ ફાળવી કુલ ગ્રાન્ટ ૬ કરોડ અને ૨૦ લાખ જેવી માતબર રકમ ૨૨ જુલાઈના રોજ ફાળવી વેરાવળ ખાતે અદ્યતન તેમજ જિલ્લા કક્ષાનું ભવ્ય આંબેડકર ભવન બનાવવામાં આવે છે તેવું ગુજરાત સરકારના મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું છે. આ તકે સમગ્ર ગીર સોમનાથ જિલ્લા અનુ. જાતિ સમાજ આ નિર્ણય આવકારી અને અભિનંદન પાઠવેલ છે.

# ખંભાળિયાના શખ્સે ખોટું વારસાઈ નામું તૈયાર કરાવી, પોતાના ભાઈ સાથે રૂા.૮૫ લાખની છેતરપિંડી આચરી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળીયા તા.૭

ખંભાળિયામાં રહેતા એક શખ્સ દ્વારા ડી.પી. રોડની કપાતના મળવાપાત્ર પૈસા માટે ખોટું વારસાઈ પેઢીનામું તૈયાર કરાવી અને જમીન સંપાદનના નાણા પોતાના ખાતામાં જમા લઈ, વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા સબબ ખંભાળિયા પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયામાં એલ.આઈ.સી. ઓફિસની પાછળના ભાગે રહેતા અને ડ્રાયવિંગ કામ સાથે સંકળાયેલા ઈબ્રાહીમ આમદભાઈ ઘાવડા નામના ૬૦ વર્ષના વૃદ્ધ દ્વારા અત્રે એસ.ટી. ડેપો રોડ ઉપર જી.વી.જે. સ્કૂલની સામે રહેતા તેના ભાઈ ઈકબાલ આમદ ઘાવડા (ઉ.વ. ૫૨) સામે નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જાહેર કર્યું છે કે આરોપી ઈકબાલે પિતા આમદભાઈ તથા તેમના માલિકીની અહીંના હર્ષદપુર વિસ્તારમાં આવેલી સર્વે નંબર ૬૯ પૈકીની બિનખેતી વાળી જગ્યા કે જે ડી.પી. રોડની કપાતમાં ગઈ હતી. આ કપાત જમીનના જમીન સંપાદન ખાતે આરોપી ઈકબાલે તેના જૂના માતાના વારસદારોની વારસાઈ છુપાવીને છેતરપિંડી કરવાના ઈરાદાથી ખોટું વારસાઈ પેઢીનામું તૈયાર કરી, જમીન સંપાદનમાં ખરા તરીકે રજૂ કરીને જમીન સંપાદનના રૂપિયા ૮૫ લાખની રકમ પોતાના ખાતામાં જમા લઈ લીધી હતી. વધુમાં જાણવા મળતી વિગત મુજબ ફરિયાદીના પિતા આમદ હુસેન ઘાવડાએ બે લગ્ન કર્યા હતા.

પ્રથમ લગ્ન હાજરાબેન સાથે થયા હતા. તેમને ત્રણ દીકરા તેમજ ત્રણ દીકરી છે. જ્યારે આમદભાઈના બીજા પત્ની અમીનાબેનને સંતાનમાં ચાર દીકરા તેમજ છ દીકરી મળી કુલ ૧૦ સંતાનો છે. આમદભાઈ ઘાવડા તારીખ ૨૮-૦૧-૨૦૨૨ ના રોજ અવસાન પામ્યા છે. આરોપી ઈકબાલે તેની જૂની માતાના તમામ સંતાનોના નામો છુપાવીને પોતાની સગી માતા અમીનાબેનના સંતાનોના નામ પેઢીનામામાં લખ્યા હોવાનું પણ વધુમાં જાણવા મળ્યું છે. આમ, ખોટા વારસાઈ પેઢીનામાં મારફતે રૂપિયા ૮૫ લાખ જેટલી તોતિંગ રકમ પોતાના ખાતામાં મેળવી લઈને ઠગાઈ અને વિશ્વાસઘાત કરવા સબબ ખંભાળિયા પોલીસ મથકમાં આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮ તથા ૪૭૧ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ પ્રકરણમાં અહીંના પી.એસ.આઈ. આર.જી. વસાવાએ જરૂરી કાર્યવાહી કરી, આરોપીની અટકાયત કરી લીધી છે.

# ગાય આધારિત ખેતી અને ગૌ આધારિત પ્રોડક્ટ બનાવી જાદવભાઈ ભોળા ખૂબ સારી આવક મેળવે છે

## પ્રાકૃતિક ખેતી થકી મગફળી, બાજરી, કઠોળ સહિતના પાકનું વાવેતર કરે છે





(ભોળા જાદવ)

લોઢવા તા.૭

ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતો હવે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી મબલક આવક મેળવી રહ્યા છે. જેમાં સૂત્રાપાડા તાલુકાના લોઢવા ગામના ખેડૂત જાદવભાઈ ભોળાએ છેલ્લા પાંચ વર્ષથી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી પોતાની જમીનમાં મગફળી, બાજરી, કઠોળ સહિતના પાકોનું વાવેતર કરી સારી એવી આવક મેળવી રહ્યા છે. તો સાથો સાથ ગૌ આધારિત પ્રોડક્ટ બનાવી તેનું બજારમાં વેચાણ કરી લાખો રૂપિયા કમાઈ રહ્યા છે. લોઢવાના ખેડૂત જાદવભાઈ રામભાઈ ભોળાએ જણાવ્યું હતું કે, પાંચ વર્ષ પહેલા બે એકર જમીનમાં ગાય આધારિત પ્રાકૃતિક ખેતી શરૂ કરી હતી. પ્રાકૃતિક ખેતી કરતા થયાને પાંચ વર્ષ થઈ ગયા છે. પરંતુ પ્રાકૃતિક અનાજ, કઠોળ અને ગૌ આધારિત વસ્તુઓ બનાવી તેનું બજારમાં વેચાણ કરી લાખો રૂપિયાની આવક મેળવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગાય આધારિત પ્રાકૃતિક ખેતીમાં ઓછા ખર્ચે વધુ આવક મળે છે. કારણ કે, હું જ્યારે રાસાયણિક ખેતી કરતો હતો. ત્યારે એક વર્ષમાં રૂપિયા ૩૫ થી ૪૦ હજારનો ખર્ચ થતો હતો અને તેની સામે આવક ૯૦ હજારની થતી હતી. પરંતુ જ્યારેથી પ્રાકૃતિક ખેતી શરૂ કરી છે. ત્યારે ઓછા ખર્ચે વધુ આવક થઈ છે. જેમાં એક વર્ષમાં માત્ર ૫ થી ૭ હજાર રૂપિયાનો ખર્ચે થાય છે. જ્યારે તેની સામે ઉત્પાદન રૂા.૧ લાખથી વધુનું ઉત્પાદન મળે છે. પ્રાકૃતિક ખેતી થકી તૈયાર થયેલા અનાજ, કઠોળ, બાજરીનું વેચાણ તેમના ભાવે ઘરેથી લોકો ખરીદી જાય છે અને લોકોને પણ રાસાયણિક મુક્ત અનાજ, કઠોળ સહિતની વસ્તુઓ મળે છે. તેમણે વધુમાં કહ્યું કે, ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવાની સાથે ગૌ આધારિત વસ્તુઓ બનાવીને તેનું વેચાણ કરવામાં આવે છે. જેમાં ગાયના ગોબરમાંથી દીવડા, ધૂપ, સાબુ, દંતમંજન, ફેસપેક સહિતની વસ્તુઓ બનાવી તેનું બજારમાં વેચાણ કરી સારી એવી આવક મેળવી રહ્યા છે. તેમજ જાદવભાઈ રામભાઈ ભોળા આ ગૌ આધારિત પ્રોડક્ટનું અન્ય લોકો અને સખી મંડળની બહેનોને માર્ગદર્શન પણ આપી રહ્યાં છે.

# ખંભાળિયા : સ્ત્રી અત્યાચારના ગુનામાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયા તાલુકાના કંડોરણા ગામે રહેતા એક મહિલા દ્વારા કંડોરણા ગામના રહીશ અશ્વિન દેવાત સહિતના ૯ પરિવારજનો સામે સ્ત્રી અત્યાચારની કલમ ૪૯૮-એ વિગેરે મુજબની ફરિયાદ ખંભાળિયા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. આ પ્રકરણમાં આરોપી તરફે વિદ્વાન વકીલ નાસીર એ. મુન્દ્રા તથા આર.બી. ગોજીયા અને વી.કે. બગથરીયા દ્વારા અહીંના મહે. ચીફ જ્યુડિ. સાહેબની કોર્ટમાં કેસ ચાલી જતા નામદાર અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલા પુરાવાઓ તથા દલીલોને ગ્રાહ્ય રાખી, અદાલતે આરોપીઓને નિર્દોષ ઠેરવી, છોડી મુકવાનો હુકમ કર્યો હતો.


જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ

પંકજ બંગલો, પ્રથમ માળ, સોરઠ ભવન સામે, રેલ્વે સ્ટેશન રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧

ફોન: ૦૨૮૫-૨૬૫૦૦૨૦, Email: judajunagadh@yahoo.in

જાહેર નોટિસ

આથી તમામ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ અને સંસ્થાઓને જાણ કરવામાં આવે છે કે, જુનાગઢ શહેરી વિકાસ સતામંડળ(જુડા) દ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાં મોજે ઝાંઝરડા તથા મોજે. જુનાગઢ ગામની સીમમાં આવેલ જમીનો પુનઃરચના કરી કામચલાઉ દરખાસ્તો જુનાગઢ શહેરી વિકાસ સતામંડળ ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે. સદરહુ પુનઃરચનાની કામચલાઉ દરખાસ્તોની સમજુતી તથા જાહેર જનતાના સલાહ સુચનો, લોકમત અને વાંધાઓ માટે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ નં.૧૭ હેઠળ સતામંડળ તરફથી જમીન માલિકો, સંસ્થાઓ તથા હિતસંબંધ ધરાવનાર ઇસમોની મીટીંગનું આયોજન નીચે મુજબ કરવામાં આવેલ છે. સદરહુ મિટીંગમાં હાજર રહેવા સારૂ યોજના વિસ્તારમાં સમાવિષ્ટ જમીન માલિકોને વ્યકિતગત પત્ર પાઠવી જાણ કરવામાં આવેલ છે.પરંતુ કોઇપણ કારણસર પત્ર મળેલ ન હોય તો સદરહું જાહેર નોટિસને ધ્યાનમાં લઇ સદરહુ મુસદારૂપ નગર રચના યોજના નં.૧૧(જુનાગઢ-ઝાંઝરડા)ની ઓનર્સ મીટીંગમાં સંબંધિત જમીન માલિકોને નીચે મુજબના શિડયુલ મુજબ તેઓ માટે નકકી કરેલ સમયમાં હાજર રહેવા આથી જણાવવામાં આવે છે.

| તારીખ | સમય | ગામ | સર્વે નં. | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧૩/૦૮/૨૦૨૪ | ૧૧-૦૦ કલાક થી ૨-૦૦ કલાક | ઝાંઝરડા | ૨૫/પૈકી૧, ૨૫/પૈકી૧/પૈકી૧, ૨૫/પૈકી૨, ૨૫/પૈકી૩, ૨૫/પૈકી૪/પૈકી૧, ૨૫/પૈકી૪/પૈકી૨, ૨૫/પૈકી૪/પૈકી૩, ૨૫/પૈકી૪/પૈકી૪, ૨૫/પૈકી૫, ૨૫/પૈકી૬, ૨૬/૧, ૨૬/૨અ, ૨૬/૨બ/પૈકી૧/પૈકી૧, ૨૬/૨બ/પૈકી૧/પૈકી૨, ૨૬/૨બ/પૈકી૧/પૈકી૩, ૨૬/૨બ/પૈકી૨, ૨૭/પૈકી૧, ૨૭/પૈકી૨, ૨૭/પૈકી૩, ૨૮/પૈકી૧, ૨૮/પૈકી૨, ૨૮/પૈકી૩, ૨૮/પૈકી૪, ૨૮/પૈકી૫, ૨૯, ૩૦/૨, ૩૦/૩ | સદર સમય ગાળામાં જ સંબંધિત ખાતેદારો હાજર રહી શકશે. જો કોઇ સંજોગો વસાત આ સમય ગાળામાં ખાતેદારો ઉપસ્થિત ન રહી શકે તો તા.૧૪/૦૮/૨૦૨૪ થી તા.૨૦/૦૮/૨૦૨૪ ના રોજ જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ (જુડા) ની કચેરીમાં ઉપરોકત તમામ દિવસો દરમ્યાન આવીને દરખાસ્ત જોઇ શકાશે. |
| | | જુનાગઢ | ૧૨૨/૧/પૈકી૧, ૧૨૨/૧/પૈકી૨, ૧૨૨/૧/પૈકી૩, ૧૨૨/૧/પૈકી૪, ૧૨૨/૧/ પૈકી૫, ૧૨૨/૧/પૈકી૬, ૧૨૨/૧/પૈકી૭, ૧૨૨/૧/પૈકી૮, ૧૨૨/૧/પૈકી૯, ૧૨૨/૧/પૈકી૧૦, ૧૨૨/૧/પૈકી ૧૧, ૧૨૨/૧/પૈકી૧૨, ૧૨૨/૧/પૈકી૧૩, ૧૨૨/૨/પૈકી૧/પૈકી૧, ૧૨૨/૨/પૈકી૧/પૈકી૨, ૧૨૨/૨/પૈકી૨, ૧૨૨/૨/ પૈકી૩, ૧૨૨/૨/પૈકી૪, ૧૨૨/૨/ પૈકી૫, ૧૨૨/૩/પૈકી૧, ૧૨૨/૩/પૈકી૨/ પૈકી૧, ૧૨૨/૩/પૈકી૨/પૈકી૨, ૧૨૨/૩/પૈકી૩, ૧૨૨/૩/૨/પૈકી૨, ૧૨૨/૩/૨/પૈકી૩, ૧૨૨/૩/૨/પૈકી૪, ૧૨૨/૩/૨અ/પૈકી૧, ૧૨૨/૩/૨ક/ પૈકી૧, ૧૨૨/૩/૨ક/પૈકી૨, ૧૨૨/૪, ૧૨૨/૫, ૧૩૩/૧, ૧૩૩/૨, ૧૩૫/ પૈકી ૧, ૧૩૫/પૈકી૨, ૧૩૭/પૈકી૧, ૧૩૭/પૈકી૨, ૧૩૭/પૈકી૩, ૧૩૭/પૈકી૪, ૧૩૮/પૈકી૧, ૧૩૮/પૈકી૨, ૧૩૯/૧/પૈકી૧, ૧૩૯/૧/પૈકી૨, ૧૩૯/૨, ૧૩૯/૨/પૈકી૧, ૧૩૯/૨/પૈકી૨, ૧૪૦/૧/પૈકી૧, ૧૪૦/૧/પૈકી૨, ૧૪૦/૧/ પૈકી૩, ૧૪૦/૧/પૈકી૪, ૧૪૦/૨, ૧૪૧, ૧૪૨/૧, ૧૪૨/૨, ૧૫૭/પૈકી૧, ૧૫૭/પૈકી૨, ૧૫૮, ૧૫૯, ૧૬૦/પૈકી૧/પૈકી૧, ૧૬૦/પૈકી૧/પૈકી૨, ૧૬૦/ પૈકી૨, ૧૬૧/૧/પૈકી૧, ૧૬૧/૧/પૈકી૨, ૧૬૧/૧/પૈકી૨/પૈકી૧, ૧૬૧/૨, ૧૬૨/૧, ૧૬૨/૧/પૈકી૧, ૧૬૨/૨, ૧૬૨/૪, ૧૬૩, ૧૬૪/પૈકી૧, ૧૬૪/પૈકી ૨, ૧૬૪/પૈકી૨/પૈકી૧ , ૧૬૪/પૈકી૨/પૈકી૨,૧૬૪/પૈકી૩, ૧૬૫/પૈકી૧, ૧૬૫/પૈકી૨, ૧૬૫/પૈકી૩, ૧૬૭/૧/પૈકી૧, ૧૬૭/૧/પૈકી૨, ૧૬૭/૧/પૈકી ૩, ૧૬૭/૧/પૈકી૪, ૧૬૭/૨, ૧૬૭/૩/પૈકી૧, ૧૬૭/૩/પૈકી૨, ૧૬૭/૩/પૈકી ૩, ૧૬૮/૧/પૈકી૧, ૧૬૮/૧/પૈકી૨, ૧૬૮/૧/પૈકી૩, ૧૬૮/૧/પૈકી૪, ૧૬૮/૨, ૧૬૯/૧/પૈકી૧, ૧૬૯/૧/પૈકી૨, ૧૬૯/૨, ૧૭૦, ૧૭૧/પૈકી૧, ૧૭૧/પૈકી૨, ૧૭૨/પૈકી ૧, ૧૭૨/પૈકી૨, ૧૭૩/૧/પૈકી૧, ૧૭૩/૧/પૈકી૨, ૧૭૩/૨/પૈકી૧, ૧૭૩/૨/પૈકી૨, ૧૭૪/૧, ૧૭૪/૨, ૧૭૫/૧/પૈકી૧, ૧૭૫/૧/પૈકી૨, ૧૭૫/૨/પૈકી૧, ૧૭૫/૨/પૈકી૨, ૧૭૫/૩/પૈકી૧, ૧૭૫/૩/પૈકી૨, ૧૭૫/૪, ૧૭૫/૫, ૧૭૫/૬, ૧૮૧/૧, ૧૮૧/૧/પૈકી૧, ૧૮૧/૨/પૈકી૧, ૧૮૧/૨/પૈકી૧/પૈકી૧, ૧૮૧/૨/પૈકી૨, ૧૮૧/૨/પૈકી૩, ૨૪૮/પૈકી૧, ૨૪૮/પૈકી૨, ૨૪૮/પૈકી૩, ૨૫૦/૧, ૨૫૦/૩, ૨૫૦/૪, ૨૫૧/૧/પૈકી૧, ૨૫૨/૧/પૈકી૧/પૈકી૧, ૨૫૨/૧/પૈકી૧/પૈકી૨, ૨૫૧/૧/પૈકી૨, ૨૫૧/૨, ૨૫૨/૧/પૈકી૨, ૨૫૨/૨, ૨૫૩/૨/પૈકી૧/પૈકી૧, ૨૫૩/૨/પૈકી૧/પૈકી૨, ૨૫૩/૨/પૈકી૨, ૨૫૪/૧/પૈકી૧, ૨૫૪/૧/પૈકી૨, ૨૫૪/૧/પૈકી૩, ૨૫૪/૧/પૈકી૪, ૨૫૪/૨, ૨૫૫/૧/અ, ૨૫૫/૧/બ, ૨૫૫/૨, ૪૪૧/પૈકી ૧, ૪૪૧/પૈકી૨ | |

મીટીંગનું સ્થળ :- "શામળદાસ ગાંધી" ટાઉનહૉલ, સરદાર ચોક, જુનાગઢ,તા./ જી. જુનાગઢ

મીટીંગની તારીખ. ૧૩/૦૮/૨૦૨૪

ક્રમાંક: જુડા/મુ.ન.ર.યો.૧૧(જુનાગઢ-ઝાંઝરડા)/૨૦૨૪/૬૫૭ તા.૦૬/૦૮/૨૦૨૪

ઉપરોકત શિડયુલ મુજબ કોઇ કારણોસર ઉપસ્થિત રહી ન શકનાર જમીન માલીકો માટે ઉપરોક્ત સમયગાળા દરમ્યાન સદરહુ મુ.ન.ર.યો.૧૧ (જુનાગઢ-ઝાંઝરડા)ની દરખાસ્તને સમજુતી કરવા માટે અત્રેની કચેરીમાં વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સહી/-

માહિતી/જૂના/જા.ખ./૨૯૪/૨૪

મુખ્ય કારોબારી અધિકારી, જુનાગઢ શહેરી વિકાસ સતામંડળ, જુનાગઢ

